
# અનંતસૂર

## રચનાકાળ (૧૯૪૦ - ૧૯૪૪)




## - શ્રી યોગેશ્વર

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * * * *




e-book
Title : Anant Soor
Language : Gujarati
Version : 2.0
Pages : 120
Created : December 1st, 2008.


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * * * *

## પરિચય



આ સંગ્રહમાં રજૂ કરેલી રચનાઓ બહુ જૂની છે. ઈ.સ. ૧૯૪૦ થી માંડીને ઈ.સ. ૧૯૪૪ સુધીનાં વરસોમાં તે તૈયાર થઈ છે. તેમનું પ્રકાશન આટલે લાંબે વખતે થઈ રહ્યું છે, તેની પાછળ કેટલાંય કારણો છે. તેમાંનું એક કારણ એ પણ ખરું કે મને થયા કરતું કે, થાય છે, શી ઉતાવળ છે ? સાહિત્ય જો સાચેસાચ સારું હશે, ને બીજાને કામનું સાબિત થશે, તો વખતના વીતવાની સાથે પણ એવું જ સારું ને કામનું રહેશે; માટે થાય છે, શી ઉતાવળ છે ? લખાયું છે એટલે ગમે ત્યારે પ્રકટ તો થવાનું છે ને ! એવી મનોવૃત્તિને લીધે પણ આ જૂનું સાહિત્ય આટલાં વરસ પછી બહાર આવી કે પુસ્તકાકારે પ્રકટ થઈ શકે છે. પરંતુ મને તો એવા વિલંબને લીધે લાભ જ થયો છે; સાહિત્યને મૂલવવાનો ને તેની વધારે ને વધારે સમીક્ષા કરવાનો લાભ મળ્યો છે. પરિણામે ભૂતકાળના એ ભંડારમાંથી જે ઠીક લાગ્યું તે જ રજુ કર્યું છે.

કવિ કે લેખક જો થોડીઘણી ધીરજ ને શાંતિ રાખે, તથા લખેલાને સત્વર છપાવવાનો આગ્રહ ના રાખે, તો નુકસાનને બદલે લાભ વધારે થાય, એમ મારું માનવું છે.

પરમાત્માને અનંત પણ કહેવામાં આવે છે. એ જેમ અનંત છે, તેમ સંસારમાં સઘળે વ્યાપક પણ છે. ચેતનતત્વ અથવા આત્મારૂપે શરીરમાં પણ તે જ વિરાજે છે. એના અનુભવની સાધના કરતાં કરતાં ને એના અનુભવથી, એની સાથેના સંવાદને પરિણામે, જે ભાવો અંતરમાં આવિર્ભાવ પામ્યા, તે જ શબ્દ સ્વરૂપે આ સંગ્રહમાં રજુ થયા છે. સંગ્રહનું નામ એવા વિશળ ભાવાર્થને લક્ષમાં લઈને જ **'અનંત સૂર'** રાખવામાં આવ્યું છે.

આ સંગ્રહમાંની રચનાઓ કોઈના મનને પ્રસન્ન કરશે, પ્રેરણા પાશે, ને કોઈની જીવનસાધનામાં જરા પણ મદદ કરશે, તો પણ ઘણું; તેથી મને સંતોષ થશે.

આમાં રજૂ કરેલી કૃતિઓની શૈલી કે પધ્ધતિ ગમે તેવી હોય, તે કો'કને કામની થઈ પડશે તો મને આનંદ થશે. આ રચનાઓ રસાત્મક છે કે નહિ, તે તો રસિકો જ કહી શકે. મારી મુખ્ય સૂચના એટલી જ છે કે

આ રચનાઓમાં કાંઈ સત્વ, પ્રેરક તત્વ કે કશુંક પણ સારું દેખાય તો તેના તરફ વાચકે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવું; લાભ તેથી જ થશે.


સમય જતાં, ને અનુકૂળતા થતાં, પછીનાં વરસોમાં તૈયાર થયેલ આ જાતના બીજા સાહિત્યનું ને કેટલીક છંદોબધ્ધ કાવ્યરચનાઓનું પણ પ્રકાશન કરવાનો વિચાર છે. આ જાતની રચનાઓનો આ પહેલો જ સંગ્રહ છે.

થોડાક અપવાદ સિવાયની આ બધી રચનાઓ હિમાલયના પાવન પ્રદેશમાં જ તૈયાર થઈ છે. શરૂઆતની કેટલીક વિદ્યાર્થી દશામાં લખાઈ છે. તે સમયની સાધના, ભાવના ને વિચારસરણીનું આ સંગ્રહમાં સ્વાભાવિક રીતે જ પ્રતિબિમ્બ પડે છે. એટલે આ સાહિત્ય કેવળ કલ્પના નથી, પણ જીવનનું સત્વ છે. જે જિવાયું ને અનુભવાયું છે તે સહજ રીતે જ લખાયું છે. વિદ્યાર્થીદશા પછી આત્મિક સાધના ને એકાંતવાસ માટે મેં હિમાલયનાં શાંત ને સુંદર સ્થળોમાં વસવાટ કર્યો. એ વખતની આંતરિક અવસ્થાનો થોડોઘણો ખ્યાલ પણ આ સંગ્રહ પરથી આવી શકશે.

મારા પોતાના સંતોષ ને આનંદને ખાતર આ બધું સાહિત્ય સહજ રીતે જ તૈયાર થયું છે. તેની પાછળ પ્રકાશનની દૃષ્ટિ ભાગ્યે જ હતી. લખવાનો ને ગાવાનો રસ મને નાનપણથી જ વારસામાં મળ્યો છે. તેને લીધે મને ઘણી જ મદદ મળી છે. બીજાને પણ આમાંથી થોડીઘણી પણ મદદ મળી રહેશે, એવી મને આશા છે.

આ સંગ્રહમાં પ્રકટ થયેલી રચનાઓ શાંતિપૂર્વક ને વારંવાર વિચારાશે તો ખરે જ, એક કે બીજી રીતે લાભ થઈ રહેશે.

**- યોગેશ્વર**
૨૧મી ડિસેમ્બર, ૧૯૫૯
મુંબઈ.



**અનુક્રમ**

૧. મારી કવિતા
૨. તારી દીક્ષા
૩. ભૂલું નહિ
૪. પ્રાર્થના
૫. કવિની કામના
૬. પ્રભુનાં બે રૂપ
૭. એકાંતવાસી યોગીને
૮. પ્રેમનો મહિમા
૯. પ્રેમ ને મુક્તિ
૧૦. નમસ્કાર વિના નથી રહી શકતો
૧૧. પ્રેમનો પરિચય
૧૨. અમરપાન
૧૩. અશાંતિનું કારણ
૧૪. હું તને જ્ઞાની નહિ કહું
૧૫. પ્રેમનું પરમ સ્થાન
૧૬. વિદ્વત્તાનો વૈરાગ્ય
૧૭. સિદ્ધિ ને ભક્તિ
૧૮. નિર્ભયતાનું કારણ
૧૯. કેટકેટલો વિચાર કરીને આવું છું
૨૦. નમ્રતાની માગણી
૨૧. પ્રેમનો ઉપહાસ
૨૨. મારી કૃતકૃત્યતા
૨૩. એકતાની અભિલાષા
૨૪. સ્નેહની સતતતા
૨૫. હૃદયની સ્થિતિ
૨૬. રસિક વર
૨૭. અપૂર્વતાનું કારણ
૨૮. દેવીનું દર્શન
૨૯. કવિની દશા
૩૦. પ્રેમની ધન્યતા
૩૧. 'હું' ની 'તું '
૩૨. પ્રેમ કરીશ
૩૩. તારી જ પસંદગી
૩૪. મારી સાધનાસરિતા
૩૫. જીવન ને તારો પ્રેમ
૩૬. પ્રેમનું મૂળ
૩૭. અપરિવર્તનશીલ પ્રેમ
૩૮. એનો અવાજ
૩૯. પૂજા
૪૦. દયાજનક દશા
૪૧. પ્રેમની જીત
૪૨. રહસ્ય
૪૩. પ્રશ્નાવલિ
૪૪. અવ્યક્ત પ્રેમ
૪૫. જીવનની ધન્યતા
૪૬. પ્રભુની વ્યાપકતા
૪૭. ધન્યતાનો માર્ગ
૪૮. સેવાની યોગ્યતા
૪૯. પ્રેમની તૃપ્તિ
૫૦. તું જ સર્વ કાંઈ
૫૧. સર્વાત્મદર્શન
૫૨. લોકો મને નાસ્તિક કહે છે
૫૩. પ્રેમદેવતાનું દર્શન
૫૪. બીલીપત્રની પૂજા
૫૫. ઈશ્વર પાસે શું માગે ?
૫૬. પ્રેમની દીક્ષા
૫૭. ત્યારથી તારો થયો છું
૫૮. હજારો ગ્રંથ
૫૯. ઝરણમાંથી જ જવાનું
૬૦. ભેદનું ભાન

૬૧. પ્રેમની અનેરી કથા
૬૨. 'બધું જ ભૂલાવી દે'
૬૩. સાધનની સમાપ્તિ
૬૪. ગૌરવ ને ભાગ્ય
૬૫. સાધનની સફળતા
૬૬. સત્યની સમજ
૬૭. મારો ને તારો પ્રેમ
૬૮. મારું ગૌરવ
૬૯. તારે માટે જ જીવું છું
૭૦. અમારું જગત
૭૧. સમર્પણનું રહસ્ય
૭૨. વિરહી પ્રિયાને
૭૩. ભૂત, વર્તમાન ને ભાવિની નિશ્ચિંતતા
૭૪. ધન્યતા
૭૫. મારો મૂક ફાળો
૭૬. તરછોડી ના દઉં
૭૭. સાધકને
૭૮. પ્રેમની પરાકાષ્ઠા
૭૯. જીવનનો મર્મ
૮૦. તું જાણે છે ?
૮૧. પ્રભુની વાણી
૮૨. જીવનની રહસ્યસૃષ્ટિ
૮૩. એવી મારી સ્થિતિ હો
૮૪. પ્રેમને નહિ જ ભૂલું
૮૫. પ્રેમની મસ્તી
૮૬. તમે ચાલો
૮૭. પ્રેમનું કારણ
૮૮. કર્મયોગીનું કામ
૮૯. દેવતાની પૂજા
૯૦. તે મને પસંદ નથી
૯૧. સાધના
૯૨. સુખની કામના
૯૩. હૃદયની મંત્રમુગ્ધતા
૯૪. પ્રેમના અંતરાય
૯૫. ફૂલની અવસ્થા
૯૬. તદ્રૂપતા પણ
૯૭. ઈશ્વરનું દર્શન
૯૮. મુક્તિનો માર્ગ
૯૯. સિદ્ધિની સાર્થકતા
૧૦૦. જીવનની ગુપ્ત ચાવી
૧૦૧. પ્રેમનો મહિમા
૧૦૨. પ્રાર્થના
૧૦૩. મારું એવું કાંઈ જ નથી
૧૦૪. શ્રમસાધના સફળ થાય
૧૦૫. મારા દેશને



* * * * *

## ૧. મારી કવિતા

શરદઋતુના સુભગ સ્વચ્છ ગગન જેવી છે મારી કવિતા.
એનું અંતર એકદમ અલૌકિક ને ઉઘાડું છે.
ચારુ ચાંદનીની જેમ આત્માને આરામ ને આનંદ,
શાંતિ ને સંજીવન આપનારું એનું અમૃત છે.

વર્ષાઋતુનાં વાવાઝોડાં ને તોફાન,
ગગનના ગેબી ગગડાટ
ને ચંચળ ચપલાના ચિત્તાકર્ષક ચમકાર
મારી કવિતાને સદાને સારુ છોડી ગયા છે.
એનું અંતર અત્યંત આહ્‌લાદક ને કોમળ
અને સંગીત શાંત ને સુમધુર છે.

સોનેરી શણગારોને એણે છોડી દીધા છે,
ને અર્થ ને છંદની ભુલભુલામણીમાંથી એ બહાર નીકળી છે.
સરળ-સરિતા સમી સૌને સુધામય કરતી
એ આખરે તારા મંગલ મહિમામાં મળી ગઈ છે.

જેવી છે તેવી આ કવિતા તારા શ્રીચરણોની માળા છે
હે મહાકવિ ! તને સમર્પિત કરેલી
તારા જ સ્વર્ગસુમનની સુમધુર માળા છે !

* * * * *

## ૨. તારી વીણા

તારી આ વ્હાલથી ભરેલી વીણાને તું તારા જ કામમાં લે !
એને તારા હેતાળ હૈયે લગાવી લે;
આનંદનાં આંસુથી - સુવાસિત સુંદર સુમનથી સજાવી દે,
ને અંતઃપુરમાં બેસીને તારી જ રાગરાગિણીથી ભરી દે.
તારી આ વહાલની વસંત જેવી વીણાને તું તારા જ કામમાં લે !

તારા વિના એને બીજું કોઈ પણ સ્પર્શ ના કરે,
ને કોઈનાય અંતરને એ આલિંગન ના ધરે;
કેવળ તારી મિલકત, તારું જ હૃદય ને જીવનસર્વસ્વ બની રહે;
ઓ મારા રસેશ્વર ! એ જ આશીર્વાદ દે.
તારી આ વહાલથી ભરેલી વીણાને તું તારા જ કામમાં લે;

હા, કોઈકના દિલની દુનિયાની તે દેવી થાય,
કોઈક જડ જીવનને જગવી જાય;
કોઈનાં આંસુમાં એનાથી આનંદનું ઈન્દ્રચાપ ઊભું થાય,
કોઈની પ્રેરણા, પગદંડી ને છાયા થાય;

કોઈના સૂના નીરસ સંસારમાં
એનાથી સંગીતની સૂરાવલિ ઊભી થાય !
તો તું એને વગાડી લે, વારંવાર વગાડી લે,
ને જી ભરીને બજાવી દે !
પણ એને તાન તો તારું જ રહે;
તારા વિના એ ના કૈં જુએ, ના સુણે !

* * * * *

### ૩. ભૂલું નહિ

જગતની અનેકવિધ, પાર વિનાની પ્રવૃત્તિઓમાં પણ
હે પ્રભુ, તારા સુમધુર સ્મરણને ભૂલું નહિ.

આતુર ને આર્ત આંખમાં અશ્રુધારાની માળા કરીને
ન જાણે કેટકેટલાં ઊભાં રહ્યાં છે !
ને મૂક, મ્લાન કે કરુણ કાળજામાં ક્લેશ લઈને
બીજાં હજારો જીવી રહ્યા છે !
એ સૌના સંકટમાં ભાગ લેતાં પણ,
તારા સુમધુર સ્મરણને ભૂલું નહિ,
હે મારા પ્રભુ, તારા મધુર મુખને ભૂલું નહિ !

કો'ક પડી ગયાં છે, તે હાથ આપતાવેંત બેઠાં થાય છે,
ને લથડી રહેલાં ટેકો લઈ લઈને આગળ જાય છે.
વિશ્વની આ વિશાળ વનવાટે કો'ક ભોમિયા વિના ભમ્યા કરે છે
ને મારગ ના મળવાથી મૂંઝાય છે પણ ખરાં.
એ સૌની સાથે રહીને, એમને આંગળી ચીંધતાં ચીંધતાં પણ,
તારા સુમધુર સ્મરણને ભૂલું નહિ,
તારા મહિમાવંતા મંગલ મુખને ભૂલું નહિ!

કો'ક કરમાયેલા કુસુમની કિનારીને સ્પર્શ કરતાવેંત
તેની પાંખડી પ્રેમથી પરિપ્લાવિત થઈને ખીલી ઊઠે છે,
ને કોઈના તરફ સ્મિત કરતાવેંત તેને નવું જીવન મળે છે.
અરે, આંસુ પણ કોઈકનું જીવનધન,
ને દર્દ પણ કોઈના દિલને દિલાસો આપનારું મહાદાન બને છે.
એ બધી મહેફિલમાં ભાગ લેતાં લેતાં પણ તારા મુખને ભૂલું નહિ !

જગતની અનેકવિધ, પાર વિનાની પ્રવૃત્તિઓમાં પણ
હે પ્રભુ, તારા સુમધુર સ્મરણને ભૂલું નહિ !

* * * * *

### ૪. પ્રાર્થના

હે પ્રિયતમ ! જે દિવસે મારી આંખ તારું દર્શન ના કરે,
તે દિવસે એ આંખને ભલે તું છેદી નાંખજે.
ને મારા પ્રાણ ! જે દિવસે મારું હૃદય તને મૂકી દઈને
જગતની ક્ષુલ્લક માયાને સ્થાન આપે,
તે દિવસે એ હૃદયને ભલે રગદોળી નાખજે.

હે પ્રિય ! જે દિવસે કાન તારું સુમધુર સંગીત સાંભળવાનું છોડી દે,
તે દિવસે તે કાનને તું ભલે છેદી નાખજે.
ને હે મારા પ્રેમ ! જે દિવસે મારું શરીર
તારી સેવા ને પૂજાના માર્ગને મૂકી દે,
તે દિવસે એ શરીરને તું શાન્ત કરી દેજે.

તારું દર્શન ના કરી શકતી હોય એવી આંખ હોય તો
હે પ્રભુ ! એ જ સારું છે કે તે અંધ થઈ જાય.
તારું નામ ને તારું ગાન ના સાંભળી શકતા હોય એવા કાન હોય તો,
હે વ્હાલા ! એ જ સારું છે કે, તેનો હ્રાસ થઈ જાય.
તારી જ સુવાસમાં મસ્ત ન રહેતું હોય એવું અંતર હોય તો,
હે મારા પ્રાણ ! એ જ બહેતર છે કે એનો નાશ થઈ જાય.
ને મારા અંગેઅંગમાં તારી પવિત્ર મૂર્તિ ના હોય તો,
પ્રભુ ! એ અંગ પણ ભલે ભસ્મીભૂત થઈ જાય.

તારા દિવ્ય રસનું પાન મને પ્રત્યેક પળે કરવા દે.
તારા જ સંગીતમાં મને મસ્ત બનવા દે.
હે દયામય ! તારાથી અલગ ના થાઉં,
એવો આશીર્વાદ મને કાયમને માટે આપી દે.

* * * * *

## ૫. કવિની કામના

કવિતાના પ્રેમમય પ્રવાહને પહેલાં તો મારા હૃદયમાં પ્રકટવા દેજે;
તે પછી તેને શબ્દોમાં ઉતારજે.
હે કવિરાજ ! પહેલાં તેને મારા હૃદયમાં પ્રકટવા દેજે !

કવિતાના સનાતન સૌન્દર્યને પહેલાં તો મારા હૃદયમાં પ્રકટવા દેજે;
તે પછી તેને સ્વર ને સૂરમાં ઉતારજે.
હે કવિરાજ ! પહેલાં તેને મારા હૃદયમાં પ્રકટવા દેજે !

સત્યના પરમ પ્રકાશને સૌથી પહેલાં મારા પ્રાણમાં પ્રકટવા દેજે;
મારા અંધારા અંતરને તેથી પ્રકાશમય થવા દેજે;
તે પછી તેને છંદોમાં ઉતારજે.
હે કવિરાજ ! પહેલાં તેને મારા હૃદયમાં પ્રકટવા દેજે !

સુરદાસની આંખે અંધારું હતું.
આંખને અળગી કરીને તેણે અંધારુ દૂર કર્યું.
તે પછી જ પ્રકાશના પાવન કિરણ જેવું તારું કાવ્ય ત્યાં પ્રકટયું;
તે પછી જ તારું કાવ્ય ત્યાં પ્રકટ્યું.

તેવી રીતે હે મહાકવિ !
મારી અંતર-આંખને આવરી રહેલો અંધકાર દૂર થાય,
વિકાર ને વાસનાની આંખ દૂર થાય,
ને પ્રેમના પરિમલ જેવું તારું મહાકાવ્ય પ્રકટ થાય;
તારા સંગીતમય સ્પર્શથી મારી વીણાના તાર ઝણઝણી ઊઠે;
સમસ્ત સૃષ્ટિમાં તારું દર્શન ને તારા સંગીતનું શ્રવણ થાય;
તે પછી જ, હે મહાકવિ !
તારું મનહર કાવ્ય ભલે મારી વીણા પર પ્રકટ થાય;
જીવનના આનંદના આભાસરૂપે ભલે મારી વીણા પર પ્રકટ થાય !

* * * * *

## ૬. પ્રભુનાં બે રૂપ

એક મંદિરની અંદર છે.
એનું અંગ અવનવા અલંકારે અલંકૃત ને સુંદર શણગારે સુશોભિત છે.
બીજું મંદિરની બહાર છે.
શરીરની માવજત માટે જોઈતાં જરૂરી કપડાંનો પણ એને કાળ છે.
એના અંગ પરનાં વસ્ત્રોના ફાટ્યાતૂટ્યા હાલ છે.

એક મંદિરની અંદર છે.
એની આગળ ન જાણે સોના ને ચાંદીના કેટલાય થાળ છે.
બીજું મંદિરની બહાર છે.
એક ફૂટી બદામ માટે એને પ્યાર છતાં વાર છે.

એક મંદિરની અંદર છે.
એની આગળ ક્રમેક્રમે ભોગ ને રાજભોગની કેટલીય સામગ્રી હાજર થાય છે.
પૂજારી ને પ્રેમી એની આગળ પુષ્પો વેરે છે ને પ્રસંશાના ગીત ગાય છે.
અરે, એ તો નીતરતા નેહમાં નહાય છે.
બીજું મંદિરની બહાર છે.
એની આગળ નથી ધૂપ કે નથી દીપ.
ભુખ ને દુઃખથી ઊંડી ઊતરેલી આંખે ને તૂટેલી પાંખે એ સૌને પ્રાર્થે છે,
મૂક રીતે બેસી રહીને પ્રાર્થે છે.
પૂજારી ને પ્રેમી જનોનાં અપમાન ને અવહેલનાનો એ અનેક વાર શિકાર થાય છે.

એકની આગળ વહાલની મધુરી વીણા વાગે છે, ને નૃત્યાંગના નાચે છે.
બીજાની આગળ ઉપાલંભ ને ગાળોનો વરસાદ ગાજે છે, કરુણતા કે કંગાલિયત નાચે છે.

એક મનને મોહક લાગે છે, પણ પ્રત્યેકને પ્રકટ નથી.
બીજું મનના મર્મસ્થાનને સ્પર્શીને અંતરમાં ઊંડે ઊતરી જાય છે ને સદાને સારુ સાક્ષાત છે.

તારાં આ બે રૂપોમાંથી હે દેવ !
તારા પેલા મંદિરની બહારના દીનહીન રૂપને મળવા ને પૂજવા જ મારું મન લલચાય છે.
પહેલેથી જ જ્યાં દીનતા છે, દુઃખ છે ને દરિદ્રતા છે, ત્યાં મારો વાસ છે.
દીન, દુઃખી ને દરિદ્રને જ મારો સાથ છે. તેમની સાથે હું હંમેશાં ઊભો રહીશ !

* * * * *

## ૭. એકાંતવાસી યોગીને

ગિરિની એકાંત ગુફામાં તેં વાસ કર્યો
ને સારોયે સમય મૌન રાખીને સતત સાધનામાં પસાર કર્યો;
પણ તારામાં પ્રેમ ના પ્રકટ્યો તો શું કામનું ?

એવી શકિત મેળવી કે પર્વતોને પણ હલાવી શકે
ને કોઈ કામ તારી મર્યાદાની બહાર ના રહી શકે;
પરંતુ તારામાં પ્રેમ ના પ્રકટ્યો તો શું કામનું ?

તેં સર્વ કાંઈ મેળવ્યું - જ્ઞાન પણ;
પરંતુ પ્રેમ ના મેળવ્યો,
ને જડ કે નિશ્ચલ બનીને સમાધિમાં જ મસ્ત રહેવાનું પસંદ કર્યું;
પણ મનના મધુર બીનમાં માનવજાતિની અનુકંપાનો ભાવ ના ભર્યો;
તો તારો યોગ શું કામનો ?

જે રડે છે ને કકળાટ કરે છે, તેમને તું રડતાં બંધ કર ને શાંતિ આપ,
ને જે ભૂખ્યા છે, તેમના મુખમાં રોટીનો ટુકડો મૂક.
બંધાયેલાના બંધન તોડવા તારા શરીરને પણ હોડમાં મૂક,
ને જે અસહાય ને અપંગ છે, એમનો આધાર બન !

અરે પ્યારા યોગી, ઈશ્વરનું દર્શન તો તું કરી ચૂક્યો,
પરંતુ તેના સુંદર, મંગલ ને એટલા જ સત્ય એવા વિશ્વરૂપને ના સમજ્યો !
બોલ, તારો યોગ વધારે શા કામનો ?

* * * * *

## ૮. પ્રેમનો મહિમા

જો તું કહે, 'હું અનુભવ કરી ચૂક્યો',
તો તું અનુભવને સમજતો નથી;
ને જો કહે, 'હું જાણી ચૂક્યો',
તો તું જાણતો નથી;
જ્ઞાનનો મહિમા એવો ગહન છે.

જો તું કહે, 'હું પ્રેમના પ્યાલાને અધરે લગાવીને હમેશાં મસ્ત છું',
તો સમજ કે તું મસ્ત નથી;
ને જો કહે કે, 'પ્રેમના પુનિત પ્રભાવથી કૃતકૃત્ય છું',
તો માન કે તું પૂરો કૃતકૃત્ય નથી.

ભલા, પ્રેમના મહિમાને 'હું' શું જાણું ?
ન જાણે કેટકેટલાં 'હું' એ ગહન દરિયાનું માપ લેવા ગયાં ને એમાં જ ગળી ગયાં !
મારા શુદ્ધ, સાત્વિક ને એથી જ નજીવા 'હું' નો ત્યાં શો હિસાબ ?
આ તો એક એવી જ્યોત્સના છે, જે પોતાના ચંદ્ર સાથે એકાકાર થઈ ગઈ છે;
એવી ઉષા છે, જે પ્રતીચિના હૃદયની સંપૂર્ણ સુરતા સાથે સુશોભિત થઈ છે;
એવી બંસરી છે, જે જડ ને ચેતનનો ભાવ ભૂલીને
અધરના આસ્વાદમાં જ એક થઈ છે !
કહે ભલા, એ ગુણગાન શેં ગાય,
ને મહિમાની અભિવ્યક્તિયે એનાથી શેં થાય ?

ને એ જ ઠીક છે,
કેમ કે જેમણે જાણ્યું છે તેમના હોઠ બંધ થઈ ગયા છે;
ને પ્રેમનું પરમપીયૂષ જેમણે પીધું છે,
તે સદાને સારુ સૂધબૂધ ભૂલી ગયા છે :
તે જ તેનો મહિમા બની ગયા છે.

મારી પાસે આવીને પણ જો તારે પ્રેમનો મહિમા પૂછવાનો હોય,
તો એમ સમજ કે મારામાં પ્રેમની મણા છે,
અથવા તો હે પ્યારા જિજ્ઞાસુ ! તારામાં એની જરા ઓછી સ્પૃહા છે !

* * * * *

## ૯. પ્રેમ ને મુક્તિ

પ્રેમના પવિત્ર બંધનથી જે ના મળે
તે મુક્તિ ને શાંતિ હે વૈરાગી, મારે ઈષ્ટ નથી!

જે હૃદય વજ્રથી પણ સખત બને,
પથ્થરથી પણ એટલું જડ બને
કે તેને ભાવના કે લાગણીનો સ્પર્શ પણ ના થઈ શકે,
પ્રેમનો મહાસિંધુ જેના તટને તદ્દન પાસે છતાં પણ ના પલાળી શકે,
એ હૃદયની ને એથી સાંપડતી સિદ્ધિની
ઓ વૈરાગી, મને જરા પણ તમા નથી

પ્રેમના પવિત્ર બંધનથી ના મળે
તે મુક્તિ ને શાંતિ, હે વૈરાગી, મારે ઈષ્ટ નથી !

આ ફૂલ ને આ વૃક્ષ ને આ પંખીની સુમધુર સૂરાવલિ :
મને તો એમાં મળી છે મુક્તિ ને શાંતિ,
ઓ વૈરાગી ! ને તેથી જ કહું છું કે
પ્રેમ એ જ મારી મુક્તિ છે;
પ્રેમ વિનાની મુક્તિ મને માન્ય નથી;
ને તે હોય તો મારે મન તેની લગીરે કિંમત નથી.

* * * * *

## ૧૦. નમસ્કાર વિના નથી રહી શકતો

પૃથ્વીના પ્રત્યેક પદાર્થમાં પ્રકટ થયેલ તને
નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.

કોઈ મારી સ્તુતિ કરે કે નિંદા,
સર્વમાં તેમ તેમાં પણ તું જ છે,
એમ જાણીને તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.
પૃથ્વીના પ્રત્યેક પદાર્થમાં પ્રકટ થયેલ તને
નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.

કોઈ મને સારી પેઠે સત્કારે ને આસન પર બેસાડે
કે સત્કાર કરવાને બદલે કોઈ મારી અવજ્ઞા કરે;
સર્વમાં તેમ તેમાં પણ તું જ છે,
એમ જાણીને હું તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.
પૃથ્વીના પ્રત્યેક પદાર્થમાં પ્રકટ થયેલ તને
નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.

કોઈ મને હૈયાનું હેત ઠાલવીને હાર પહેરાવે
કે પથ્થર ને ગાળોનો માર મારે;
સર્વમાં તેમ તેમાં પણ તું જ છે,
એમ જાણીને હું તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.
પૃથ્વીના પ્રત્યેક પદાર્થમાં પ્રકટ થયેલ તને
નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.

જુદા જુદા રૂપમાં, જ્યાં તું જ સ્મિત કરે છે, ને પ્રેમ કરે છે ત્યાં,
કોના પ્રત્યે વેર ? કોની મમતા ને કોની ઘૃણા ?
ગમે તે વેશમાં આવે, છતાં સૌમાં તું જ પધારે છે, એમ સમજીને
તને નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.

પૃથ્વીના પ્રત્યેક પદાર્થમાં પ્રકટ થયેલ તને
નમસ્કાર કર્યા વિના નથી રહી શકતો.

* * * * *

## ૧૧. પ્રેમનો પરિચય

'કોણ છે અહીં આ એકાંત પ્રદેશમાં ?'
'એ તો હું.'
'હું કોણ ?'
'તારે તેની શી જરૂર છે ?'
'જરૂર હોય કે ના હોય,
આટલી કરુણ અસહાય અવસ્થામાં હોવાથી જ પૂછું છું.'
'તો શું તું મને આશ્રય આપશે ?
હું ખરેખર, અસહાય છું.'
'હા....કેમ નહિ.....?'
'પણ મારું દાન તને ખબર છે ?
મારા એક હાથમાં અનંત અસીમ આંસુ છે
ને બીજામાં અંતરને તોડી નાખનારી ભીષણ ઊંડી વેદના !
બોલ, તૈયાર છે ?
જીવનભર તારે મારા પ્રિયતમ રહેવું પડશે !'
'પણ મેં સાંભળ્યું છે કે તમારા દૈવી દાનમાં અમૃત છે.'
'હા, હા, મારા નાથ !
તારે માટે એ અમૃત જ છે.
આવ ત્યારે, મારો સ્વયંવર થયો!'
'પણ તારું નામ ?'
'નામ ?
બધા મને પ્રેમ કહે છે.
તું ફાવે તે કહેજે !'

* * * * *

**૧૨. અમર પાન**

તારું સ્વર્ગીય સુખદ સંગીત સાંભળવા ઈચ્છનારે તો
આવવું જોઈએ મારા ઊંડા ઊંડા અનેરા અંતરમાં;
ત્યાં તારી સુંદર સિતારના સુમધુર સ્વર છૂટી રહ્યા છે.
ને તારું દર્શન-દેવદુર્લભ દર્શન-કરવા ચાહનારે
ઊતરવું જોઈએ મારા અસ્ખલિત આંસુપ્રવાહમાં;
તેમાં તું તારા વદનકમળને રાતદિન ધોઈ રહ્યો છે.

આ જ તારું વિશ્રામસ્થળ છે
ને આ જ તારું સિંહાસન - મારું અંતરઆસન.
એના જેવી શાંતિ તને વૈકુંઠના અલૌકિક આસન પર
અથવા ક્ષીરસાગરની શેષશય્યા પર પણ નથી મળતી.
એ શાંતિનું મૂળ સંગ્રહસ્થાન - મારું અંતર - એ જ તારું આસન છે.

હું તને ક્યાંય જવા કે આવવા કહેતો નથી;
કેમ કે હું તારા પ્રેમની સાથે એકાકાર છું.
પણ તારી દશા એક અલિના જેવી છે.
મારા હૃદયકમળમાં સમાયેલી સ્નેહસુધાનો સ્વાદ
તને ત્રિભુવનમાં ને ત્રિકાળમાં ક્યાંયે મળ્યો નથી.
ને તેથી જ તું ત્યાંથી ખસી શકતો નથી.

કેવી છે આ પ્રેમની લીલા !
મારી પાસે મારું એવું કશું જ નથી રહ્યું.
પહેલાં હું પ્રેમનો હતો; પછી પ્રેમ મારો થયો. હવે ફક્ત પ્રેમ જ છે.
ને તે પ્રેમપ્યાલીને બંને હોઠે દબાવીને,
છાતી સાથે લગાવીને, હરેક ક્ષણે તું મસ્તીમાં મળી રહ્યો છે !

આ અમર પાન વિના સૃષ્ટિના સ્વામિત્વને તું શી રીતે સંભાળી શકત ?
ને તેના વિના તું પ્રભુ પણ રહી શકત ?
પરમેશ્વર થઈ શકત ?

* * * * *

### ૧૩. અશાંતિનું કારણ

સ્વર્ગીય સુવાસ આપનારાં આ પુષ્પોને જોઈને
તને પ્યારા પ્રભુનું સ્મરણ નથી થતું ?
શા માટે પુષ્પો સમાં સ્નેહીને છોડીને
તું જંગલમાં જતો રહે છે
ને પ્રભુને યાદ કરવાની યાતનામાં પડે છે ?

ગુલાબી ગાલવાળાં આ બાળકોમાં
તને ઈશ્વરનું દર્શન નથી થતું ?
પ્રેમાળ પત્નીમાં પણ તેના પ્રેમનું મહાબિંદુ નથી મળતું ?
શા માટે તેમને તરછોડીને
તું જંગલમાં જાય છે ને ઈશ્વરના દર્શન માટે આક્રંદ કરે છે ?

આ આકાશના તારા ને આ વાદળની માળા....
એ સૌમાં તને શું માયાપતિની મધુરતાનું દર્શન નથી થતું ?
શા માટે તું ગુફામાં બંધ થાય છે
ને પ્રેમની પ્રાપ્તિ માટે પોકે પોકે રડીને તરફડે છે ?

હે પ્રિય સાધક,
તેં બધું મેળવેલું છે;
ફક્ત તને તેનું વિસ્મરણ થયું છે ને ઘેલછા લાગી છે;
કેમ કે એવી એક પણ વસ્તુ બતાવી શકીશ, જે એનાથી અલગ હોય ?
ને એવું એક પણ સ્થાન બતાવીશ, જ્યાં એ ના હોય ?
ફક્ત તારું દર્શન અધુરું છે;
ને એથી જ તારા જીવનમાં ઘર્ષણ થયું છે,
ઝેર જાગ્યું છે, ને અશાંતિએ ઘર કર્યું છે.

* * * * *

## ૧૪. હું તને જ્ઞાની નહિ કહું

હું તને જ્ઞાની નહિ કહું.
તારા મુખ પર વિષાદ છે; હું તને જ્ઞાની નહિ કહું.

ઊગતી ઉષાના આહ્‌લાદક લાવણ્યની જેમ
તારું મન સ્મિતની રસરેખાથી શોભતું નથી;
હું તને જ્ઞાની નહિ કહું.

સંસારમાં શોક છે, ને શોક કરીને તેમાં તું વધારો કરે છે;
હું તને પંડિત નહિ કહું.
આનંદનો અખંડ અનુભવ તારે મન એક અજાયબી છે.

વસ્તુવસ્તુમાં વહેતી આ ચૈતન્યની ધારા.....
એમાં સ્નાન કરવાની તને સમજ નથી;
એનું પાન કરીને તું પ્રસન્ન નથી;
એના આચમનનો તારામાં આહ્‌લાદ નથી;
હું તને તત્વજ્ઞાની નહિ કહું.
એકતાના અનુભવની પ્રસન્નતા ને કૃતકૃત્યતા તારામાં દેખાતી નથી.

હું તને જ્ઞાની નહિ કહું.
સ્નેહાળ શિશુની જેમ સરળ બનીને ક્ષણેક્ષણનો ઉલ્લાસ લેતો નથી;
જીવનના ને જગતના આ મહોત્સવનો લહાવો લેતો નથી ને દેતો નથી.

હું તને જ્ઞાની નહિ કહું.
તારા મુખ પર ભય છે, ભેદ છે, વિષાદ છે;
હું તને જ્ઞાની નહિ કહું !

* * * * *

## ૧૫. પ્રેમનું પરમ સ્થાન

સત્તા ને કીર્તિના ઉચ્ચતમ શિખર પરથી ઊતરીને
ચીંથરેહાલ શરીરે હું તારી પાસે આવ્યો છું,
ને મારા દંભી, અહંકારી અંતરને
અશ્રુની ધારાઓ દ્વારા તારા ચરણ પર ઢાળી રહ્યો છું.

સદા ઊંચું રહેવાને ટેવાયેલું મારું મસ્તક
આજે એકાએક તારી ચરણધૂલિમાં ઢળી પડ્યું છે;
ને મારું સર્વ જ્ઞાન મારા મુખના પોકારમાં સરી રહ્યું છે.

આજ સુધી હું તારા પ્રેમરસને ચાખી શક્યો ન હતો,
કેમ કે મારી શોધ તારા પ્રેમપ્રસાદ જેવા જગતમાં કે તારી કૃપામાં જ સમાતી હતી.
અને હવે આજે,
જ્યારે શણગારોને છિન્નભિન્ન કરી દઈ
ને ફક્ત તારી ધૂલિમાં આળોટું છું ત્યારે ...
ત્યારે જ, સમજું છું
કે પ્રેમનું પરમ સ્થાન ક્યાં છે ?



* * * * *

## ૧૬. વિદ્વત્તાનો વૈરાગ્ય

'કેમ દેવ ! વળી આજ ?
આ ગરીબની ઝૂંપડીને વળી પાવન કરી ?'

'હા, હું તને ભેટ આપવા આવ્યો છું.
આજે સઘળાંયે શાસ્ત્ર,
સારીયે વિદ્વત્તા તને આપવા માટે આવ્યો છું.
ટૂંકમાં, સરસ્વતીને તારી સદાની દાસી કરવા આવ્યો છું.'

'પણ મારા દેવ !
એ ભેટને લઈને હું શું કરીશ ?'

'કેમ ?
તું તેનાથી અખંડ કીર્તિ સંપાદન કરીશ.
તારી વિદ્વત્તા વાટે ચિર જીવનની પ્રાપ્તિ કરીશ.
એમ કેમ પૂછે છે કે, શું કરીશ ?'

'નહિં મારા દેવ !
મને આવો જ નિરક્ષર રહેવા દો.
હું માનું છું કે શાસ્ત્રોને હું મારા હૃદયમાં જ પ્રકટ કરીશ.
મને પાંડિત્ય ને વિદ્વત્તાના સમુચ્ચયરૂપ જીવન જીવવા દો,
તેનો લહાવ લૂંટવા દો !
તેથી જ હું ધન્ય બનીશ.
આ ભારને શિર પર ધારણ કરીને,
તમે જ કહો, હું શું કરીશ ?

* * * * *

## ૧૭. સિદ્ધિ ને ભક્તિ

ચાંદની રાતમાં તે મારે દ્વારે આવીને ઊભી રહી.
તેનાં નૂપુરના ઝંકારથી મારી આંખ ઊઘડી.
ચંદ્રમાના પાવન પ્રકાશમાં,
સંસારના સુધાસભર સરોવરમાં પ્રકટેલી પોયણી જેવી
તે પ્રેમાળ ને રૂપાળી હતી.
એના કરમાં મોહક માળા હતી,
કેશરાશિ સારોયે ફૂલથી ભર્યો હતો,
ને અંગેઅંગમાંથી ફોરમ ફેલાતી હતી.
ચાંદની રાતમાં તે મારે દ્વારે આવીને ઊભી રહી.

આંસુ સારતી એક બીજી સુકુમારી પણ તેની પાછળ ઊભી હતી.
તેણે કહ્યું : 'હું સિદ્ધિ છું, ને આ રડનારી દેવી ભક્તિ.'
'પણ તે રડે છે શા માટે ?' મેં પૂછયું.
'કેમ કે આજે મારો તમારી દ્વારા અંગીકાર થશે.
પણ જેમણે અંગીકાર કર્યો છે,
તેમની દ્વારા આજ સુધી આ દેવીને સોસવું પડ્યું છે, માટે એ રડે છે.'

મેં કહ્યું: 'ના, ના. આ વખતે વાત જુદી જ થશે.
બંનેનો સંબંધ બહેનનો રહેશે.'
ને એ બંનેએ મારા કંઠમાં માળા ધરી.
ને એ બંનેનાં શ્રીમુખ પર સ્મિતની રેખા ફરી વળી.

* * * * *

## ૧૮. નિર્ભયતાનું કારણ

વિવેક ને વૈરાગ્યની પાદુકા પહેરીને
અમે વિશ્વમાં વિચરીએ છીએ,
એટલે કાંટા કે કાંકરા વાગવાની અમને ભીતિ નથી;
કેડી કઠોર કે કપરી હોય તો પણ અમને તેની ભીતિ નથી.

તિતિક્ષાની તલવાર લઈને
અમે વસુધામાં વિહાર કરીએ છીએ,
એટલે સુખ ને દુઃખ
તથા માન ને અપમાન જેવા તસ્કરનો અમને ભય નથી.

અનુરાગ ને અનાસક્તિના અમીમય ઔષધનું
આકંઠ પાન કરીને પૃથ્વીની પરિકમ્મા કરીએ છીએ,
એટલે મન ને અંતરના રોગની અમારા પર અસર નથી.

હે વહાલા વૈરાગી,
આત્માના અલૌકિક અજવાળાને અંગેઅંગમાં આંજીને
સૃષ્ટિની સફર કરીએ છીએ,
એટલે બહારના ને અંદરના અંધકારની અમને ભીતિ નથી,
કાળ કે સ્થિતિની તમા નથી,
ને મૃત્યુની પણ પરવા નથી.

* * * * *

## ૧૯. કેટકેટલો વિચાર કરીને આવું છું !

કેટકેટલો વિચાર કરીને આવું છું,
કે તારા નયન તરફ નયન માંડી એકીટસે નીરખી રહીશ;
પરંતુ દૃષ્ટિ મળતાં જ મારું સર્વસ્વ ખોઈ બેસું છું;
મારું પ્રાણધન ઢોળી બેસું છું.

કેટકેટલો વિચાર કરીને આવું છું,
કે તારા ચરણને ધરાઈ ધરાઈને ચૂમી લઈશ;
પરંતુ તેની માદક સુવાસ સૂંઘતા જ મારુ ભાન ભૂલી રહું છું,
હૃદય રેલી રહું છું.

કેટકેટલો વિચાર કરીને આવું છું,
કે તારી સાથે આવી રીતે વાત કરીશ
ને તને આવી રીતે આલિંગન આપીશ;
પરંતુ તારું મૂક સંગીત શ્રવણ કરતાં જ
હું તારામાં તન્મય થવા માંડું છું,
બધું ભૂલી જઉં છું.



કેટકેટલો વિચાર કરીને આવું છું,
કે તારી સુંદરતાને આંખ ભરી ભરીને જોઈશ
ને હૃદય ભરી ભરીને તારા પ્રેમનું પાન કરીશ;
પણ તારી સુંદરતાનું પાન કરતાં જ
હું સમાધિસ્થ થઉં છું ને એકાકાર બનું છું.

* * * * *

## ૨૦. નમ્રતાની માગણી

મારા પ્રખર અભિમાનને
તારા વારંવારના પથ્થરી પ્રહારોથી છૂંદી નાખ
ને જગતના ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીની આગળ પણ
હું પ્રેમ ને નમ્રતાથી હાથ જોડીને ઊભો રહું એવું ભાગ્ય દે !

સંપત્તિ ને સત્તાના નશામાં
હરહંમેશ ઉન્નત રહેવાને ટેવાયેલું મારું મસ્તક
તારી પવિત્ર પદરજમાં રગદોળાઈ રહો
ને હંમેશને માટે નત બનો !

કેમ કે, મેં જાણ્યું છે
કે હલકામાં હલકી રજ જ આકાશમાં ઊડી શકે છે,
ને પાણી જ્યારે વરાળ બને છે,
ત્યારે જ ઊંચે ગમન કરે છે.



* * * * *

## ૨૧. પ્રેમનો ઉપહાસ

જીવનના અરુણોદયથી જ
તું મારી આગળ માતા બનીને આવે છે
ને મને સ્નેહસુધાનું પાન કરાવે છે,
પણ હું તને સમજતો નથી.

ત્યાર પછી પણ તું પધારે છે;
મિત્રો ને સ્નેહીઓમાં,
ને છેવટે પેલી સૌંદર્યની પ્રતિમાશી પત્નીમાં પણ
તું તારા પ્રેમનો પરિચય આપતો પધારે છે;
પણ હું તને સમજતો નથી.

પ્રકૃતિના પરમ શણગાર સજીને
તું મારી સાથે એક થવા આવે છે;
પણ હું તને સમજી શકતો નથી.



ને છેવટે જીવનના સાયંકાલમાં,
બધાથી નિરાશ થઈને,
સુખની એકમાત્ર આશાથી
હું તારી પાછળ પડું છું ત્યારે ....
ને જયારે હું એમ કહું છું
કે હું તને પ્રેમ કરું છું
ત્યારે, તારી સનાતન અસ્ખલિત પ્રેમમાગણીનો
હું કેવો ઉપહાસ કરું છું !

* * * * *

## ૨૨. મારી કૃતકૃત્યતા

તારા ચંદનચર્ચિત ચરણ પર ફૂલ થઈને પડ્યો છું,
એ જ મારી કૃતકૃત્યતા છે,
એની જ મને શાંતિ છે.
તું મારું ગમે તે કર -
ચાહે તો મને છુંદી નાખ
કે તારા શિર પર ચઢવાનો લ્હાવો આપ -
હું તો તારા ચરણ પર ફૂલ થઈને પડ્યો છું.
એની મને નિરાંત છે;
એ જ મારી શાન્તિ છે.

હું તો તારાં નેહ નીતરતાં નયન તરફ નયન માંડીને પડ્યો છું.
ચાહે તો તું તેને છેદી નાખ
કે તારા નેહથી નિતારી નાખ.
હું તો તારાં નયન તરફ નયન માંડીને પડ્યો છું.
એ જ મારી કૃતકૃત્યતા છે;
એમાં મારી શાન્તિ છે.

હું તો તારા રસઝરતા હૃદય આગળ મારું હૃદય લઈને પડ્યો છું.
ચાહે તો તું તેને રગદોળી નાખ
કે તારું મંગલમંદિર બનાવ.
હું તો તારા હૃદય આગળ હૃદય લઈને પડ્યો છું.
એની મને નિરાંત છે;
એ જ મારી શાન્તિ છે.

હું મારો ધર્મ જાણું છું, ને સ્વભાવ સમજું છું;
ને તેથી જ કૃતકૃત્ય છું.
ચાહે તો તું આશીર્વાદની માળા લઈને આવ કે પછી ના આવ;
હું તો મારો ધર્મ સમજું છું
ને તેથી જ કૃતકૃત્ય છું.

* * * * *

## ૨૩. એકતાની અભિલાષા

મારાં નયનરૂપી ચકોરને
તારા વદનવિધુ પર સ્થિર કરી દે,
એના જ રસાસ્વાદમાં એને મસ્ત થવા દે !
ઓ મારા પ્રભુ,
મારા મનરૂપી મધુકરને તારા વદનકમળમાં મસ્ત થવા દે !

મારાં નયનરૂપી ચાતકને
તારા વદનવાદળ પર એક કરી દે,
એના જ રસાસ્વાદમાં એને મસ્ત થવા દે !
ઓ મારા પ્રભુ,
મારા મનરૂપી મીનને તારા પ્રેમસલિલમાં સ્નાન કરવા દે !

મારાં નયનરૂપી કમલને
તારા ચરણમાં બલિ બનવા દે,
એના જ રસાસ્વાદમાં એને મસ્ત થવા દે !
ઓ મારા પ્રભુ,
મારી મનરૂપી સરિતાને તારા પ્રશાન્ત મહાસાગરમાં મળી જવા દે !

મારા મનરૂપી મધુકરને
તારા ચરણમાં સ્થિર કરી દે,
એના જ રસાસ્વાદમાં એને મસ્ત થવા દે !
ઓ મારા પ્રભુ,
મારા મનરૂપી શબ્દને તારા મહાશબ્દમાં મળી જવા દે,
તારા મહાકાવ્યની માળામાં ફૂલ બનીને ગૂંથાઈ જવા દે !

* * * * *

### ૨૪. સ્નેહની સતતતા

પદ્મની પાંખડી પેઠે પ્રસન્નપણે પ્રકટતા પ્રભાતના પ્રથમ પ્રહરમાં જો;
મારી આંખમાં તારા અનુરાગનું અમૃત ના દેખાય,
તો તું ભલે ના આવીશ !

બળુંબળું થતા ને બીજાને બાળતા બિહામણા બપોરે જો;
મારા અંગેઅંગમાં તારી આરાધનાનો આભાસ ના દેખાય,
તો તું ભલે દર્શન ના દઈશ !

સ્વર્ગમાં જવા સારુ સાજ સજીને તૈયાર થયેલી સોહામણી સંધ્યાએ જો;
મારા જરી જેટલા ઝરણ જેવા વહી રહેલા જીવનમાં
તારી ઝંખના ના જણાય,
તો તું ભલે ના આવીશ!

રોમેરોમમાં રાગરાગિણી ભરીને ઊભેલી રસરાજ્ઞી રસીલી રાતે જો;
મારી આંખમાં તારાં આંસુ ને તારે માટેની આતુરતા ના દેખાય,
તો તું ભલે દર્શન ના દઈશ !

મંગળમય મહાકાવ્યના જેવી મધુરી મધરાતે જો;
મારી પુલકિત પાંપણ પર તારું પીયૂષ ના પરખાય,
તો તું ભલે ના આવીશ !

કોઈ પણ કાળે ને સ્થાને જો;
મારા હૃદય ને રોમેરોમમાં તારો રણકાર ના સંભળાય,
રાસ ના નીરખાય,
તો તું ભલે ના આવીશ !

* * * * *

### ૨૫. હૃદયની સ્થિતિ

એટલું તો સમજી લેજે ઓ ગાયક !
હૃદયની વીણાને મેં અનેક રાગરાગિણીથી ભરી છે;
અનેક પ્રકારના સંગીતસ્વરથી સુશોભિત કરી છે;
એના પ્રત્યેક તારમાં, સૂરમાં ને તાલમાં
મારા પ્રાણની પળેપળની સાધના ભરી છે.

એકના એક આલાપને બંધ કર, ગાયક !
હમેશને માટે મારી દૃષ્ટિ નૂતનની શોધમાં રહી છે;
સુંદર ને અભિનવની મેં નિરંતર પૂજા કરી છે.
રખે તું કહેતો કે એમાં કોઈ પૂર્વાલાપની છાયા રહી છે
કે કો'ક ઋષિની પ્રતિભા ભરી છે !
સુંદર ને અભિનવની મેં હરહંમેશ પૂજા કરી છે.

ઋષિ તું ભલે કહે કે બ્રહ્મર્ષિયે ભલે ગણે;
એથી પણ આગળની મારી સ્થિતિ રહી છે.
તને કેમ કરીને કહું, ગાયક !
આ તો મારા હૃદયના એક સહસ્ત્રાંશની જ પ્રતિચ્છબી છે ?

ને એથી જ હું વિચારમાં પડ્યો છું,
ઓ મહાકવિ !
જે હૃદયમાં આ સુમધુર સૂરાવલિ ઊઠી છે,
તે હૃદયની શી સ્થિતિ............?

તે ગીતનો વિષય નથી, પ્યારા ગાયક !
તેની ગીતિ જ નથી !

* * * * *

### ૨૬. રસિક વર

અત્યાર સુધી મેં મારા મનને કુંવારું રાખ્યું.
વિષયોના વનમાં મે એને લાયક વર શોધ્યો,
પણ એ હાથ ન લાગ્યો.
સંસારના ભોગોમાં મેં એનો રસિક જોયો,
પણ એનો પત્તો ના લાગ્યો.
દ્રવ્યના ભંડારો એને માટે ઉથલાવ્યા,
પણ એને યોગ્ય પ્રિયતમ ના જડ્યો.
કીર્તિને દ્વારે પણ હું હતાશ થયો.

ને આખરે મને એ જડ્યો.
જેના એક અણુમાં સમસ્ત સૃષ્ટિ ને શ્રી વસી રહી હતી
એવો રસિક વર મેં જોયો.
અત્યાર સુધી મેં મારા મનને કુંવારું રાખ્યું હતું;
હવે મેં એને લાયક વર જોયો.

*

તું ઉષાનાં આહ્લાદક અજવાળાં જેવાં વસ્ત્રો પહેરી લે
કે તારો પ્રિયતમ રાજી થાય!
તું ચાંદની રાત જેવા મનોહર શણગાર સજી લે
કે તારો પ્રિયતમ ખુશ થાય ને તારા પર વારી જાય !
વસંતના શરીર પર કેવાં સુમન શોભે છે !
તું તારાં અંગો પર એવી વસંતો ધારણ કરી લે
કે તારો પ્રિયતમ તારા પર મોહી જાય !
સરોવરના કમલની જેમ તું એના જ પ્રેમમાં ડૂબી જા,
બીજું બધું જ ભૂલી જા !
હે મારા મોહીત મન !
તું એને દ્વારે એવી રીતે જા કે એ તને ભેટે, ભેટે,
ને પછી તું છુટું જ ના થા !

* * * * *

## ૨૭. અપૂર્ણતાનું કારણ

તીખાંમાં તીખાં તપ કરીને થાક્યો,
તો પણ તારી સાધનાનો સુખાંત ના આવ્યો,
તેનું કારણ ?

હિમગિરિની નાની સરખી ગંગાના તીરપ્રાંતની ગુફામાં
વરસો સુધી બંદી બન્યો,
ને પ્રાણનો નિરોધ કરીને સમાધિમાં સ્થિર રહ્યો,
તો પણ તારી શાંતિનો છેડો ના આવ્યો,
તેનું કારણ ?

સંતોના સમાજમાં શામેલ થયો
ને તીર્થે તીર્થે ફરી વળ્યો,
તો પણ તારા કલ્યાણનો કલરવ ના સંભળાયો,
તેનું કારણ ?

માળાના મણકા ફેરવીને થાકયો
ને મંત્ર ને સ્તુતિના ઉચ્ચાર કરીને પણ કંટાળ્યો,
તો પણ મુક્તિનો મહાકિનારો ના લાધ્યો,
તેનું કારણ ?

જેની ચરણરજમાં
સંસારનાં સમસ્ત તીર્થો તથા શાસ્ત્રો વાસ કરે છે,
ને જેની દૈવી દૃષ્ટિમાત્રથી જ મુક્તિ મળે છે,
તે ગુરુના ગુરુ -
સદગુરુના શ્રીચરણોમાં તેં સર્વસમર્પણ નથી કર્યું,
તે જ તેનું કારણ છે.

* * * * *

## ૨૮. દેવીનું દર્શન

ચંદ્રમાથી પણ વધારે ચારુ નેહથી નીતરતાં એનાં નયન હતાં
ને ગૌરવની ગોરસી જેવું તેનું મુખ.
સૃષ્ટિ સારી શ્યામ સરોવર સમી દેખાતી હતી.
તેમાં સ્મિત કરતી તે સુંદર સુવાસિત કમલિની હતી
ભાવ ને ભક્તિ, સુંદરતા ને શુચિતા,
ગંગા-જમનાની ધારા જેમ, એનાં ગંગોત્રી-જમનોત્રી જેવાં અંગોમાંથી ઝરતી.
મહીમંડળના મહાકવિની કવિતા
યૌવનરૂપ ધારણ કરીને પોતાના સર્વોત્તમ સ્વરૂપમાં સાકાર થઈ હોય
એમ એ રસાળ ને અવનવી હતી.
ચરણને ચૂમનારો તેનો કેશરાશિ,
મંદમંદ મીઠું સ્મિત કરનારા એના અધરોષ્ઠ.....
સુંદર ને શુભ્રવસ્ત્રના
તે સાચે જ સૃષ્ટિની શોભા હતી.
ત્યાં માલતીમંડપમાં તે બેઠી હતી.
પુષ્પોએ તેને સારુ શય્યા કરી હતી
ને વાયુદેવતાએ વહેવાનું શરૂ કરી પંખાની ગરજ સારી હતી.

એ જ સમયે - સૂર્યોદયના પ્રથમ સોનેરી સમયે -
મારી ને એની આંખ મળી ગઈ,
ને કોણ જાણે કેમ, પણ એની આંખ અનુરાગથી ઊભરાઈ ને આલોકિત થઈ ઊઠી.
એમાં જાણે પ્રશ્નાવલિ હતી :
'માનવ-માનવનો પ્રેમ, માનવ ને પ્રકૃતિનો પ્રેમ, માનવ ને પરમેશ્વરનો પ્રેમ,
સર્વે પ્રકારના પ્રેમની પ્રતિમા ને માતા હું બેઠી છું.
બોલ, તું મારું પાણિગ્રહણ કરશે ?
મને તારા હૃદયમાં સ્થાન આપશે ?'

'પણ મારા નાનકડા હૃદયમાં તમારે શું કામ.........?'

'એ તારે નથી જોવાનું.
તું જ આ સંસારમાં મારે માટે લાયક છે.

તારા હૃદયમાં મૂર્તિમંત થવાથી જ મારું પુણ્યકાર્ય પૂરું થશે.
બોલ, તું તૈયાર છે ?'

મારા હોઠ પર સ્મિતની રસરેખા ફરી વળી.
ખરેખર, એનું સૌન્દર્ય અનુપમ હતું,
ને એથી પણ અનુપમ, અનેરી ને રસવંતી હતી એની વાણી.

તો પણ મેં પૂછી જોયું: 'મને શું મળશે ?'

'શાંતિ, આનંદ ને અતુલ દર્દ.' એણે ઉત્તર આપ્યો,
'તે દર્દ જ તને મારા મુક્તિના મંગલમય મંદિરમાં લઈ આવશે
ને તારે હાથે અનેકાનેક અવનવીન કાર્યો કરાવશે.'

'વારુ દેવી ! હું તમને મારા હૃદયમાં ધારણ કરીશ.
છંદોમાં તમારા મહાન મહિમાનાં ગુણગાન કરીશ.
કાવ્યની કદી ના કરમાનારી મધુમય માળામાં
આજના આપણા મહામિલનની યાદ તાજી રાખીશ.'

એક સંતોષનું સ્મિત કરતી એ મહાદેવી ઊઠી ને અંતરીક્ષમાં ચાલી ગઈ.
છેલ્લે છેલ્લે બોલતી ગઈ :
‘તમે'ની વ્યાવહારિક સંકુચિતતામાં મને ગૂંગળાવ નહિ,
'તું'ની વહાલભરી વર્ષાથી હું તાજી થઈશ.
તારે માટે હું જીવનમાં આમ અનેક વાર પ્રકટ થઈશ.’

* * * * *

### ૨૯. કવિની દશા

આકાશના આ ટમકતા તારા બરાબર જાણે છે,
તારે માટે મારા હૃદયના કેટકેટલા ટુકડા થાય છે;
ને આ મૂક ને ધ્યાનસ્થ ધરતીના ધ્યાનમાં છે,
કેટકેટલી અશ્રુધારાથી એનું અંતર અર્ચિત થાય છે !

મારે તો આ હેતથી હસનાર,
ભાવથી ભરેલા, સૂના હૈયાને લઈને જ ફરવાનું છે.
ને તેના જ પ્રતિધ્વનિ જેવાં મારાં આ ગાન છે.
તપોવનનો કણેકણ જાણે છે,
તારા પ્રેમના પ્રભાવથી
કેટકેટલો કરુણ ને વેદનામય છતાંયે પ્રસન્ન મારો પ્રાણ છે !

ખેર, કો'કના દાહમાંથી કો'કને જીવન જડે,
કો'કના વિષમાંથી કો'કને અમૃત મળે,
ને કોઈનાં આંસુમાંથીયે કોઈને આનંદ મળે;
એનું ભાગ્ય પણ અપાર છે.
પણ ઓ પ્રેમના પીનાર પરમાત્મા !
જરીક યાદ તો કરજે,
આ અમૃતસ્વરની અંદર અંતરને અમીમય કરવાનો પ્રભાવ છે;
આ આનંદની અંદર કરુણાનો પ્રશાંત પ્રવાહ છે.

* * * * *

### ૩૦. પ્રેમની ધન્યતા

આ બધા કહે છે, એને તો એના રૂપનું ગુમાન છે;
એ તારા ચરણની દાસી થાય એમ નથી.

તારાં નયન તો પેલા ચકોર જેવાં છે.
એના રૂપને જોવા માટે તે તલસે છે, ઝંખે છે;
પણ તે રૂપગર્વિતાનું હૃદય તો પથ્થર જેવું છે.
તે તો તારી તરફ એક દૃષ્ટિપાત પણ કરતી નથી !

તારું વદન ને તારા અધર પેલા કમલના દલ જેવા છે.
તેના અધર સાથે એક થઈ તેના પીયૂષને
પેલા ભ્રમરની જેમ પીવાને તે વ્યાકુળ છે, ઝંખે છે.
પણ તે સુંદરીનું હૃદય તો વજ્રના જેવું છે;
તેને તો તારા વદનની વ્યાકુળતાને જોવાની પણ ફૂરસદ નથી !

તારું હૃદય તો પેલા સાગર જેવું છે.
તેના હૃદય સાથે મળી જવા તે સતત રડી રહ્યું છે.
પણ તે માનિનીનું હૃદય તો શિલા જેવું છે.
તારા હૃદયની વ્યથાની તેને દરકાર નથી;
તારા રુદનથી તે લેશ પણ પીગળતું નથી !

આ બધાંનું કહેવું એવું છે. પણ શું કરું ?
મેં તો મારું સર્વ કાંઈ સમર્પી દીધું છે.
એના હૃદયનો તાર ભલે ના રણકે,
મારો પ્રણયતાર કદી તૂટવાનો નથી.
એના પ્રણયના સાગરનું જલબિંદુયે છો ના ટપકે,
મારાં આંસુ તો કદી ખૂટવાનાં નથી !

પરમ પ્રેમમાં એની પ્રાપ્તિ એ જ એની ધન્યતા છે !

* * * * *

**૩૧. 'હું' ની 'તું'**

અષાઢની રળિયામણી રાત હતી.
વરસાદ હજી હમણાં જ શાંત થયો હતો.
તારલિયાની દીપમાળા કો'કનું પથપ્રદર્શન કરવા પ્રકટ થઈ,
ને દૂરદૂર પર્વતોની પંક્તિ પાછળથી,
ઘૂંઘટને દૂર કરનારી, શરમાળ, સ્વરૂપવતીની જેમ,
ચંદ્રકલા પણ વાદળનો પડદો ભેદીને દૃષ્ટિગોચર થઈ.
વનમાં સર્વત્ર શાંતિ હતી.
તપસ્વિની જેવી નાનીશી નદી
પોતાના ધીર-ગંભીર ગીતને ગાતી વહી જતી'તી એટલું જ.
પર્વતીય પ્રદેશમાં, જ્યાં જુઓ ત્યાં,
આગિયાની હાર ફરતી હતી -
જાણે કોઈ વનદેવીને માર્ગ બતાવતી કે એની સાથે ક્રીડા કરતી ન હોય !
પણ એ બધી લીલા તો બહાર હતી;
આશ્રમની અંદર તો હતી નરી નીરવતા.
રાત આખી રમવા ઊતરી હોય એવી આશ્રમની એકાકી ઓરડી અંધારી હતી.
દૂરથી કો'ક કોકિલે કૂજન કર્યું ને મારું હૈયું હાલી ઊઠ્યું.
એ એકાંત અંધારી રાત !
પ્રેમીઓને માટે એ કેવી આશીર્વાદરૂપ હતી !
કોણ જાણે ક્યારે, પણ મારી આંખ એ વિચારમાં મળી ગઈ.

ત્યાં તો હૈયાને હલાવી નાખતી ગર્જના થઈ
ને વીજળી જાણે અપ્સરા બનીને અભિસારે નીકળી.
આશ્રમના બારણા પાસે ઊભા રહીને મેં બહારની શોભા જોવા માંડી.
ત્યાં તો તે મારી છેક સમીપે આવીને ઊભી રહી.
એની આંખે અમીની ધારા હતી
ને એના શરીર પર સફેદ સુંદર સાડી;
એક હાથમાં તાજી તૈયાર કરેલી માળા.
શું તે કોઈ વનદેવી હતી ?

મોહક મીઠું સ્મિત કરતાં તે બોલી,

'હું અભિસારે નીકળી છું; પ્રેમની દેવી છું.'

મને એ ના સમજાયું.

તેણે ફરી કહ્યું, 'રોજની જેમ આજે પણ બહાર નીકળી છું ને તારી પાસે આવી પહોંચી છું.'

'મારી પાસે ?'

મારી આંખ એની રૂપસુધાના પાનથી સાચે જ, માદક થવા માંડી.

'હા.' તેણે કહ્યું, 'જે મારે માટે સર્વસ્વને છોડી દે છે ને મને જ યાદ કરે છે,

અરે, જે મારે માટે જ શ્વાસ લે છે, તેને દ્વારે મારે જવું પડે છે.

કેટલાય વખતથી હું અટૂલી ને અનાથ હતી !'

ને મારી પથારી પર આવીને તે મારી પાસે બેસી ગઈ.

પોતાની કમલકોમળ કરાંગુલિને મારા કરમાં ફેરવતાં તે બોલી,

'મારી જ પ્રીતિ ને તલ્લીનતાની આ પ્રસાદી છે.

પ્રેમની જે કૃતજ્ઞતા મારી રગેરગમાં રમી રહી છે,

એની અભિવ્યક્તિ તો કોટી ઉપાયે નથી કરી શકું એમ;

પણ આ એની નાનીશી પ્રતિચ્છબી છે.'

માળાથી મારા શરીરને એણે જોતજોતામાં શણગારી દીધું

ને ચરણની રજને મસ્તકે મૂકતાં બોલી,

'દેવ, જન્મોજન્મની આ તમારી દાસી છે.

આ તનમન બધુંયે તમારું છે. આજથી હું તમારી દાસી છું !'

ને મને આશ્લેષ આપતાં કહેવા માંડી,

'આજથી હું તમારી બની ગઈ; તમારા અંતરમાં ઊતરી ગઈ !'

'પણ તારું નામ શું, તે તો કહે !' મારા મુખમાંથી એકાએક વાણી નીકળી પડી.

કપોલપ્રદેશ પરની ઊડતી કેશલટને કોમળ કરાંગુલિથી ઠીક કરતાં,

સિતારીના સુમધુર સ્વરની પેઠે તે બોલી,

'મારા મહાકવિ, શું તને હજી પણ ખબર નથી ? –

હું તારા જ 'હું' ની 'તું' બની ગઈ !'

ખરેખર, અષાઢની એ રાત મારા જીવનમાં જડાઈ ગઈ,

અવિસ્મરણીય બની ગઈ.

* * * * *

## ૩૨. પ્રેમ કરીશ

મારા જીવનમાં પ્રેમ કરવા આવશો
તો તમારા ક્ષુદ્ર ને સાધારણ સાંસારિક સ્વરૂપને જોઈને,
હું તમને ઉપહાસની નજરે નહિ જોઉં ને અવગણીશ પણ નહીં;
પરંતુ તેમાં તમારું દર્શન કરીને પ્રેમ કરીશ !
ઓ મારી જીવનસુધા,
હું તમારી સાથે પ્રેમ કરીશ !

મારા જીવનમાં પ્રેમ કરવા આવશો
તો મુક્તિ ને સ્વર્ગસુખની લાલસાથી,
ને બંધન, પતન ને નરકની યાતનાના મિથ્યા ભયથી,
તમારી અવહેલના કરીને હું જંગલમાં નહિ જઉં;
હું તો તમારા રૂપરાશિનું પ્રસન્નપણે પાન કરીશ,
ને તમારા સ્નેહની સ્વર્ગીય સુધામાં સ્નાન કરીને સાનંદ શ્વાસ લઈશ.
ઓ મારી જીવનસુધા !
હું તમારી સાથે શ્વાસ લઈશ !

હું જાણું છું કે તમે તમારું સાચું સ્વરૂપ છુપાવશો;
પરંતુ તમારા પરિમલ જેવા પ્રફુલ્લ ને ઉષા જેવા ઉજ્જવળ,
આહ્લાદક ને સુંદર સ્વરૂપને ઓળખવામાં હું ભૂલ નહિ કરું.
તમે જે જે સ્થિતિમાં ને જે જે વેશમાં રહીને પ્રેમ ધરશો,
તે તે વેશમાં તમને ઓળખી લઈને પ્રેમ કરીશ :
મંદિરની દેવદાસીમાં કે રસ્તાની રઝળતી ભિખારણમાં પણ
હું તમારું દર્શન કરીશ.
હે મારી જીવનસુધા !
હું તમારી સાથે પ્રેમ કરીશ !

* * * * *


## ૩૩. તારી જ પસંદગી

એક બાજુ આખીયે અવનીનું ઐશ્વર્ય
ને બીજી બાજુ તારા પ્રેમનું બિંદુમાત્ર મૂકવામાં આવશે,
તો પણ હું તો તારા પ્રેમના બિંદુને જ પસંદ કરીશ.

એક બાજુ સારીયે સૃષ્ટિનું સૌન્દર્ય
ને બીજી બાજુ તારી દૃષ્ટિની છાયા માત્ર મૂકવામાં આવશે,
તો પણ હું તો તારી દૃષ્ટિની છાયાને જ પસંદ કરીશ.

એક બાજુ વિરાટ વિશ્વની વિભૂતિ
ને બીજી બાજુ તારા ચરણની રજ માત્ર મૂકવામાં આવશે,
તો પણ હું તો તારા ચરણની રજને જ પસંદ કરીશ.

કેમ કે મેં જાણ્યું છે
કે સૌન્દર્ય, વિભૂતિ ને ઐશ્વર્ય તો તારો અંશમાત્ર છે,
ને એટલા માટે જ હે મારા પ્રાણ !
હું તો તને પસંદ કરીશ;
પ્રત્યેક પળે ને પ્રત્યેક પરિસ્થિતિમાં
એક તારું જ વરણ કરીશ.



* * * * *

## ૩૪. મારી સાધનાસરિતા

મારી સાધનાસરિતા કષ્ટના કારમા માર્ગમાંથી વહી નથી.
તે તો હંમેશાં સરળતા ને સુખશાંતિથી ભરેલા જીવનપથ પર ધપ્યે રહી છે.
મારી સાધનાસરિતા કારમા માર્ગમાંથી વહી નથી.

નિયમોની દુર્ભેધ્ય દીવાલમાં
કે સંયમના કઠોર તટપ્રદેશમાં
તેણે પોતાની સ્વતંત્રતા ગુમાવી નથી.
રમતિયાળ શિશુની જેમ તેણે સસ્મિત કેલિ કરી છે
ને ઈચ્છાનુસાર વહી છે.
મારી સાધનાસરિતા સદા સ્વતંત્ર રહી છે.

પ્રેમ ને સુંદરતાને તેણે લાત મારી નથી,
તેમજ તારા વાસ્તવિક વિશ્વરૂપ પ્રત્યે અશ્રદ્ધા પણ નથી કરી.
હા, તે એક વનબાળા જ રહી છે;
શકુંતલા સમી શરૂઆતમાં તપોવાસિની જ થઈ છે;
પરંતુ તેના પ્રત્યેક પાસામાંથી પૃથ્વીની પરમશ્રી,
ચંદ્રમાંથી ટપકતી ચાંદનીની જેમ, ટપકી રહી છે.
એનાં અંગાંગમાં માલતી ને ચમેલી તથા ચંપાની સુવાસ ભરી છે;
ને એના અંતરમાં સમસ્ત પ્રેમ,
સારીયે કરુણા ને પરમ પવિત્રતાની ત્રિવેણી મળી છે.

* * * * *

## ૩૫. જીવન ને તારો પ્રેમ

તારા પ્રેમના પાત્ર થયા વિના જીવન
મારે માટે કો'ક કડવો કટોરો થઈ જાત;
- તારા પ્રેમથી તે પીયુષનો પ્યાલો  થયું છે.

તારા પ્રેમના પાત્ર થયા વિના જીવન
મારે માટે એક વેરાન નીરસ રણ થઈ જાત;
એના અંગારે મારાં અંગેઅંગ દાઝી જાત
ને એમાં ઊની લાય જેવી લૂ વાત;
- તારા પ્રેમથી તે લીલી વનસ્થલી થયું છે.

તારા પ્રેમના પાત્ર થયા વિના
જીવન મારે માટે એક મૃત્યુની આવૃત્તિ થઈ જાત;
- તારા પ્રેમથી એ અમરત્વનો આનંદ થયું છે.



* * * * *

### ૩૬. પ્રેમનું મૂળ

રૂપનો વિચાર કરીને હું તારા તરફ આકર્ષાયો નથી;
કેમ કે રૂપ એ મારી દૃષ્ટિમાં કોઈ ખાસ વસ્તુ નથી.
રૂપનો વિચાર કરીને હું તારી પ્રત્યે આકર્ષાયો નથી.

વૈભવ કે ગુણના પ્રભાવથી પણ
તારી સાથે પ્રેમ કરવા પ્રેરિત થયો નથી;
કેમ કે એની કિંમત પણ મારી દૃષ્ટિએ એટલી ઊંચી નથી;
વૈભવ કે ગુણને લીધે પણ મેં તારી સાથે પ્રેમ કર્યો નથી.

સૌન્દર્ય ને લાવણ્ય કે શીલથી પણ જે વધારે સુશોભિત છે
ને જેના વિના જીવનનો કોઈ અર્થ નથી
તે પ્રેમને માટે જ મેં તારી સાથે પ્રેમ કર્યો છે.

ને તેથી જ
હે પ્રેમના સાગર !
હે પ્રત્યક્ષ પ્રેમ !
મારી અનુરાગથી અંજાયેલી આંખને
તારા ચરણોમાં ખાલી કરી શકું
ને હૃદયમાં તારો રસ ભરી શકું,
એ મારી આશા છે.

આપણા પ્રેમનું મૂળ પ્રેમ છે
ને સૌન્દર્ય કે શ્રી નથી.
ને જ્યાં પ્રેમ છે ત્યાં એ બંને ને બીજું બધુંયે  છે.

* * * * *

## ૩૭. અપરિવર્તનશીલ પ્રેમ

આ પરિવર્તનશીલ સંસારમાં બધું જ બદલાય છે.
જે ભ્રમર આજ લગી ચમેલી ને ગુલાબનાં પુષ્પો પર રાસ રમતા,
તે તેવા જ પ્રેમથી કદંબના પુષ્પો પર ચાલ્યા જાય છે.
ચંદ્રકળાના કિરણમાત્રથી જે સાગર
ક્ષણવારમાં પોતાને ભૂલી જઈને ઊછળવા માંડતો,
તે આ સરિતાને એટલા જ પ્રેમથી આલિંગન આપતાં અચકાતો નથી;
ને તેમ કરતાં બધી જ વેદના વીસરી જાય છે.
તું પણ અત્યાર સુધી તારા પ્રેમનું પાત્ર મને બનાવીને
હવે તારી પ્રસન્નતા માટે બીજા પાત્રની શોધમાં છે !
પણ મને એનો અફસોસ નથી, શોક નથી,
કે ન તો તારી સામે મારી કોઈ ફરિયાદ છે;
કેમ કે મને એવો કયો અધિકાર છે,
જેના આધાર પર હું એમ ઈચ્છું કે તું હંમેશા મારી સાથે જ પ્રેમ કરે.....
ને તારા પ્રેમનું પાત્ર મને જ બનાવે ?
હા, હું મારું કામ જરૂર કરીશ,
ને એ એક સારસ પક્ષીના જેવું છે,
જે જીવનમાં ને જીવનની પછી પણ પ્રેમમય જ રહે છે,
જેને અંતર અપાય છે તેને જ વફાદાર રહે છે;
ને એ કર્તવ્યના આનંદની આગળ, તારા પરિવર્તનની વાત સાચી હોય
તો પણ મને તેનો શોક નથી.
અહા, પ્રેમથી પાવન થયેલા મંત્રો જેવા મંગલ એ શબ્દો સાંભળતાવેંત
એની આંખમાં આંસુ આવી ગયાં
ને એણે કહેવા માંડયું : 'શું હું તને ભૂલી જઈશ ?
જે મારું જીવન, હૃદય સર્વ કાંઈ, શું તેને છોડી હું બીજાને પ્રેમ કરીશ ?
મારા પ્રેમ, હું જો કે પ્રેમનો સાગર છું;
પણ તેના કુદરતી નિયમને ઉલ્લંઘવા સમર્થ છું ?
તું ના ભૂલીશ કે જે સાગર ચંદ્રકળાને જોઈને ઊછળે છે,
એનામાં એ આનંદ નથી, જે સરિતાના આલિંગનમાં છે.
ને ગુલાબના ભ્રમરને પણ એ રસ નથી જે કદંબના ભ્રમરને છે.

* * * * *

### ૩૮. એનો અવાજ

પર્વતોને પાર કરીને આવનારો તારો અવાજ
મારા અંતરમાં નિરંતર અથડાયા કરે છે.
તું મને કહી રહ્યો છે, તે હું જાણું છું : 'આવ વહાલા, આવ !
મને મળવા માટે બંધનમાંથી મુક્તિ મેળવી આવ !'

હિમાલયનાં બરફથી છવાયેલા શિખરો મારી સામે મીટ માંડીને ઊભા છે.
ત્યાંથી તારો સંદેશ આવે છે, ને આટલે દૂર છતાં મારા અંતરમાં અથડાય છે.
તું મને કહી રહ્યો છે તે હું જાણું છું 'આવ વહાલા, આવ !
મને મળવા માટે બંધનમાંથી મુક્તિ મેળવી આવ !'

આકાશમાં ઊમટેલા વાદળ પર તું સવાર બનીને સંદેશો કહે છે.
પ્રેમના હજારો પ્રવાહ દ્વારા મારા તરફ વર્ષીને સંદેશો આપે છે.
તું મને કહી રહ્યો છે તે હું જાણું છું : 'આવ વહાલા, આવ !
મને મળવા માટે બંધનમાંથી મુક્તિ મેળવી આવ !'

તારો સંદેશ સાંભળીને હું પણ સંદેશ આપ્યા કરું છું કે
'હમણાં જરા ધીરજ રાખ.
તને મળવાની તૈયારીમાં હું મશગૂલ છું.
હમણાં જરા હિમ્મત રાખ !'

પરંતુ ન જાણે તને કેવો નાદ લાગ્યો છે કે તારા સંદેશા આવ્યા જ કરે છે,
ને એક વાર તું મને તારી પાસે જરૂર ખેંચી જશે -
તારામાં એક થવા ને સમાઈ જવા.

આકાશ ને પાતાળ, પૃથ્વી, પવન, પાણી ને અગ્નિમાંથી આવનારો તારો અવાજ
મારા અંતરમાં નિરંતર અથડાયા કરે છે.
તું મને કહી રહ્યો છે તે હું જાણું છું : 'આવ વહાલા, આવ !
મને મળવા માટે બંધનમાંથી મુક્તિ મેળવી આવ !'

* * * * *

### ૩૯. પૂજા

ઊંચે ઊંચે, તુષારાચ્છાદિત પર્વત પર,
સૂર્યનાં સોનેરી કિરણોથી મંડિત છે તારું મંદિર,
ને એની પર્વતીય પગદંડીની પ્રથમ પગથી પર
ડગમગતો પગ મૂકીને હું ઊભો રહ્યો છું.

પંખી મને સંદેશ આપે છે ને સમીર મારો સત્કાર કરે છે.
આગળ વધેલા ને પંથને મોટા પ્રમાણમાં પસાર કરી ચૂકેલા પ્રવાસી
મારા તરફ દયાની નજરે જોયા કરે છે.
પણ મને તેની તમા નથી.

પ્રમાદ ને પરાવલંબનને મૂકીને
મેં તારા મંગલ મંદિરની પગથી પર પદાર્પણ કરવાનું નક્કી કર્યું છે.
ઊંચે ઊંચે, તુષારાચ્છાદિત પર્વતપંક્તિ પર છેક ઊંચે,
સૂર્યનાં સોનેરી કિરણોથી મંડિત છે તારું મંદિર,
ને એની પર્વતીય પગદંડીની પ્રથમ પગથી પર
ડગમગતો પગ મૂકીને હું ઊભો રહ્યો છું.

મંદિરમાં જવાનું ને મહાલવાનું મેં મૂકી દીધું છે;
કેમ કે મને જ તેં મંદિરમય કર્યો છે.
મારા મનહર મંદિરમાં અનુરાગની અખંડ આરતી થઈ રહી છે;
ને તારી જ મૂર્તિ વિરાજી રહી છે.
પૂજા કરવા માટે ફૂલ કે ચંદન કાંઈ જ નથી;
અબીલ, ગુલાલ ને અક્ષત પણ નથી.
તારા પરિમલ ભરેલા પાયને પખાળવાનું પાણી પણ ક્યાંથી લાવું ?
ઋચા કે સ્તુતિની પણ મને સમજ નથી.
પૂજા કેવી રીતે કરું ?

ત્યાં તો તેં પ્રતિમાની અંદરથી પર્વતપંક્તિ પર પ્રકટ થઈ
ને પોકાર પાડીને, પ્રબળ પ્રેમથી પ્રેરાઈને કહ્યું :
'વિધિ ને વિધાનની માયાજાળમાં મને વધારે વાર જકડીશ નહિ.
તારું સમસ્ત લઈને તું જ્યાં છે ત્યાં જ ઢળી પડ,

એટલે પૂજા પૂરી થશે ને મારો પ્રસાદ પણ મળી રહેશે.'

* * * * *

## ૪૦. દયાજનક દશા

તું રહે છે તો સુવાસિત સુંદર ઉદ્યાનમાં,
પરંતુ પુષ્પોની પરિમલ માટે આમ તેમ વલખાં મારે છે;
તારી સ્થિતિની મને દયા આવે છે !

મદિરાના મોહક જામને તારા અધરે અડાડીને પ્રિયતમા ઊભી રહી છે,
છતાં તું તેને માટે પોકાર પાડે છે;
તારી દશા ખરે જ, દયાજનક છે.

સંગીતના શાંત સુમધુર સ્વરો વચ્ચે તારો વાસ છે;
છતાં તું મધુરતા ને શાંતિ માટે બેચેન બને છે;
તારી સ્થિતિની મને દયા આવે છે !

કાં તો તું જોઈ શકતો નથી કે સુણી શકતો નથી;
સૂંઘી શકતો નથી કે પી શકતો નથી;
નહિ તો તું શાંતિને માટે સ્વર્ગ કે મુક્તિની પ્રાર્થના ના કરત.
તારી સ્થિતિ ખરે જ, દયાજનક છે !

ને એટલે જ કહેવું પડે છે
કે માછલી પાણીમાં રહે છે છતાંય પ્યાસી છે;
કમળના વનમાં રહેવા છતાંય ભ્રમર રસહીન છે,
અરે, અભાગી છે !

* * * * *

## ૪૧. પ્રેમની જીત

તે દિવસે, જ્યારે હું મારા મહેલની બારી પાસે બેસીને
તને આકર્ષવાના પ્રયાસ કરતો હતો ત્યારે,
તારી એક દૃષ્ટિ પણ મારા પર ના પડતી.

તારા આગમન ને પ્રત્યાગમનના પથ પર
હું મારા સુવર્ણાક્ષરી પરિમલ ભરેલા  પ્રેમપત્રો નાખતો;
પરંતુ તું તેને ઠોકર મારીને ચાલી જતી.

ફૂલની રંગબેરંગી માળામાં મારા રોમેરોમ ને રસાળ હૃદયને ગૂંથીને
હું તારા રાજપ્રસાદના પુનિત પથ પર પાથરતો;
કદી કદી કૃપણ બની એ રીતે તારી કૃપાની કામના કરતો;
પરંતુ તારી પગલી પણ તે પર ના પડતી.

સંગીતના સુમધુર સ્વરોમાં મારાં સ્વપ્નની કવિતા કરીને
તને સંભળાવવાના હું પ્રયાસ કરતો;
પણ મારી કવિતાના પડઘા પણ તારે પ્રાણે ના પડતા.

તું રતિથીયે રૂપાળી છતાં ગર્વની પ્રતિમા જણાતી.
મારી સાંજ ને સવાર તારી પ્રતીક્ષામાં પસાર થતી;
પરંતુ તને તેની દરકાર ન હતી.

ને તે દિવસે,
જ્યારે મેં મારા મહેલની બારી પાસે બેસવાનું મૂકી દઈને
પ્રાણનું પાત્ર લઈને પ્રેમની ભિક્ષા માગવી શરૂ કરી ત્યારે,
કોણ જાણે તું ક્યાંથી આંસુની માળા સાથે ધીમે પગલે આવીને મારા ચરણમાં પડી;
મને તેની સમજ ના પડી. પરંતુ હા,
મારા શહેનશાહી શણગારો તે વખતે છૂટી ગયા હતા
ને મારે અંગે વૈરાગ્યની ભસ્મ હતી !

* * * * *

## ૪૨. રહસ્ય

બંસીધરની બંસીના મહાસૂરની સાથે
મારા પ્રાણનો સંવાદ સધાયો છે
ને તેનું સંગીત આપોઆપ વિરામ પામ્યું છે :
આ જ મારા મૌનનું રહસ્ય છે.

સર્જનના કે સ્રષ્ટાના કમળ પર બેઠેલો મારો પ્રાણભમરો
તેના રસને ચૂસતાં પોતાને ને બીજાને ભૂલી ગયો છે :
આ જ મારી નિશ્ચલ ને શાંત સ્થિતિનું રહસ્ય છે.

જગતના વિરાટ રસસાગરમાં મારો પ્રાણ
બરફના ટુકડા જેવો તરે છે;
ઘડીમાં સ્થિર થાય છે :
આ જ મારી આત્મતૃપ્ત અવસ્થાનું રહસ્ય છે.

તું કદાચ મારા મુખ પરના આનંદ
ને તેની દિવ્યતાને જોઈને વિચારમાં પડીશ.
પણ તને ખબર નથી, હે પ્રિય સાધુ,
કે આ અમૃતરસનું પાન કાંઈ જીભ કાપીને તાળવે લગાડવાથી નથી મળ્યું.
પ્રિયતમના પ્રેમપ્યાલાને અહર્નિશ અધરે લગાડીને
તેનું આકંઠે પાન  કરાયું છે :
આ જ મારી આનંદમય સ્થિતિનું રહસ્ય છે.

* * * * *

### ૪૩. પ્રશ્નાવલિ

પ્રવાહોના પ્રવાહો ને સરિતાઓ
પોતાના હૃદયધન જેવા જલને લઈને એના અંતરમાં સમાય છે,
પરંતુ સાગર પોતાની મર્યાદાનો ત્યાગ કરતો નથી;
એવી પરમ મર્યાદા ને શાન્તિ તું ક્યારે પ્રાપ્ત કરીશ ?

પવનરહિત સ્થાનમાં જેમ દીપક ડોલતો નથી,
ને જેમ સર્વે અંગોને સંકેલી બેઠેલો કાચબો અનેક આઘાતોથી પણ ચળતો નથી;
એવી પરમ નિશ્ચલતા ને નિઃસંગતા તું ક્યારે પ્રાપ્ત કરીશ ?

સર્જનનાં સર્જન ખીલે છે ને કાળના મુખમાં મળી જાય છે.
અનેક કુસુમકોમળ બાળકો ને યુવાનો,
જડ ને ચેતનની રચનાઓ,
પૃથ્વી પર ફાલે છે, ફૂલે છે ને કરમાય છે;
પરંતુ તે સર્વેને જોનારી આ પૃથ્વી
શાંત સમાધિ ધારણ કરતાં બેસી રહે છે,
ને આકાશ એ ક્ષણભંગુરતા પ્રત્યે આછું સ્મિત કરતાં હંમેશની જેમ પ્રકાશે છે;
કૃતકૃત્યતાની એવી સમાધિ તું ક્યારે ધારી શકીશ ?

અને આ ભ્રમર,
જેણે આ કમળની પાંખડીને ચૂમી લીધી છે,
તેનો ગુંજારવ શાંત થયો છે ને તેની સૂધબૂધ શમી ગઇ છે;
ને આ બાળક, જેની સર્વ વૃત્તિ ને ચંચલતા
'મા'ના મધુર પયનું પાન કરતાં વિરમી ગઈ છે;
એવી એકતા તું ક્યારે પ્રાપ્ત કરી શકીશ ?
એવી આત્મવિલીન અવસ્થામાં
હંમેશ માટે તું ક્યારે મળી રહીશ ?

* * * * *

### ૪૪. અવ્યક્ત પ્રેમ

અંતર ખૂબ ખેંચાય છે....
જાણે કરોડો દોરડાંથી કો'ક તેને તાણે છે.
એની વ્યથા પણ પુષ્કળ થાય છે.......
જાણે હજારો શૂળો એમાં ભોંકાય છે.
પણ કહેવાનું થતું નથી કે અંતર ખેંચાય છે.

આંખમાંથી આંસુની ધારા ચાલી જાય છે.
રાતે ઊંઘ નથી; ને બેચેની પણ એટલી બધી છે
કે કોઈ કામમાં મન લાગતું નથી.
તેની સ્મૃતિને તાજી કરતી તેની સુમધુર મૂર્તિ સ્થળે સ્થળે દેખાય છે;
પણ કહેવાનું થતું નથી કે વેદના આવી  છે.

આ સંગીત ઘણું કરુણ છે
ને તેના મૂક પડછંદા પણ ઘણા મર્મભેદક છે;
છતાં કહેવાનું થતું નથી કે પ્રેમની વેદના આવી છે.

તે આવે છે ને જાય છે,
ને તેનું હૃદય પણ પ્રેમની આવી લીલા અનુભવે છે એમ લાગે છે;
પણ કહેવાનું થતું નથી કે પ્રેમ થયો છે.
ને એમાં જ સાચી મજા છે.

પ્રેમ એ અવ્યકત દેવ છે;
શબ્દોની વ્યક્તતાની એને ભાગ્યે જ જરૂર છે.

* * * * *

### ૪૫. જીવનની ધન્યતા

તમારી યાદ તીવ્ર બનતાં
ને તમારાં સ્મરણો વધવા માંડતાં
હું અવાક્ બની જઉં છું;
ને તમારા સ્નેહની સાક્ષી પૂરતાં
મારું અંતર નયનમાંથી વહેવા માંડે છે.

જોનારા મને અચરજથી જુએ છે.
પણ શું કરું ?
તમારા મનમોહન રૂપને ના જોઈ શકે
એવી મારી આંખ આંધળી નથી,
ને આ અંતર પણ એટલું અશક્ત નથી
કે તમારા રોમરોમમાં પ્રકટ થતા દૈવી નાદને ના સાંભળે.
તમારી યાદ આવતાં હું અવાક્ બનું છું.

મારે તમારું સાંનિધ્ય જોઈતું નથી
ને તમારા સહવાસની મને ભૂખ પણ નથી.
હા, સ્મરણ એ જ મારું પીયુષ છે
ને પ્રેમ એ જ મારું પાન.

બીજું તો શું જાણું,
પરંતુ હા,
તમારી યાદ પાછળ ટપકી પડતાં બે-ચાર આંસુમાં
મને જીવનની ધન્યતા લાગે છે.

* * * * *

## ૪૬. પ્રભુની વ્યાપકતા

જ્યારે તું આ ડુંગર પર ચઢે છે,
ત્યારે લીલાછમ ઘાસમાંથી હાલી હાલીને હું તારો સત્કાર કરું છું.
શું તને તેની ખબર નથી ?

ને આ પ્રફુલ્લ પવનમાં પ્રસરીને
બાળકની પ્રત્યે પ્રેમ બતાવતી માતાની જેમ
હું તને મારો પ્રેમ બતાવું છું.
શું તેની તને જાણ નથી ?

આ સૂના વનની સોડમાં સૂતેલા ઝરણમાં વહી જઈને
હું આપણા પ્રેમનો પરિચય આપું છું,
ને સંધ્યા ને ઉષાના સુંદર રંગોમાં મારા હૃદયને ખુલ્લું કરું છું.

અને જ્યારે આખું જગત સૂઈ જાય છે
ને મારા દૂત જેવો પવન ધીરે ધીરે વહ્યા કરે છે,
ત્યારે રાત્રિની કેડમાં બેઠેલા બાળક જેવા આ તારાઓમાં રહીને પણ
હું એ જ કહું છું કે તું તે જ હું.
શું આનો તને પરિચય નથી ?

નહિ તો તું એમાં મસ્ત બનીને શાંતિ, પ્રેમ ને આનંદ બન્યા વિના ના રહેત;
નહિ તો આવી ડુંગરની લીલોતરીમાં આસન વાળી
મારા જ ખોળામાં બેસી મને જોવા દૂર દૃષ્ટિ ના કરત;
ને રાત્રિના તારામાં મને જોવાને બદલે મોટેથી જપ કરીને
મારા મર્મસ્થળ જેવી શાંતિને છેદવાના પ્રયાસો ના કરત.

ખરેખર, તું કૃતકૃત્ય જ બની રહેત
ને મુક્તિને મેળવવા તારે કોઈ બીજા સંસારમાં જવું ના પડત.
અને શું તું ઉષા આગળ આવીને પ્રાણને રોકત,
ને ગંગા પર આવીને આંખ મીંચવાની મૂર્ખતા પણ શું કદી કરત ?

* * * * *

## ૪૭. ધન્યતાનો માર્ગ

તેઓએ કહેલું,
તારી આંખ ચંદ્રમાને અમૃત આપનારી ને હૃદયને શાંતિ દેનારી છે;
પરંતુ તેની સાથે આંખ મિલાવવાની ધૃષ્ટતા મેં કરી નથી,
એ વિચાર પણ મને થયો નથી.

તેઓએ કહેલું,
તારા અધર સ્વર્ગના સોપાનરૂપ ને અમૃતના આવાસ જેવા છે;
પરંતુ તેની સાથે અધર મિલાવવાની ધૃષ્ટતા મેં કરી નથી,
એ વિચાર પણ મને થયો નથી.

તેઓએ કહેલું,
તારું હૃદય સંગીતની દેવીનું મંગલ મંદિર છે
ને તેમાંથી જ આ સૃષ્ટિ પ્રકટી રહી છે;
પરંતુ તેની સાથે હૃદય મિલાવવાની ધૃષ્ટતા મેં કરી નથી,
એ વિચાર પણ મને થયો નથી.

તેઓએ કહેલું,
તારી સોડ શ્રાન્ત અંતરને આરામ આપનારી
ને દેહના પ્રદેશથી ઉપર ઉઠાવનારી છે;
પરંતુ તેના સહવાસની ધૃષ્ટતા મેં કરી નથી,
એ વિચાર પણ મને થયો નથી.

એ બધાને આશ્ચર્ય થયેલું.
પણ મારી પૂજા જુદી હતી.
તારી અંદર વિરાટ 'મા'નું દર્શન કરીને
મારી આંખ તારાં અંગોથી પર થઈ
ને મારી દેહલતા તારાં ચરણકમલમાં ઢળી પડી.

શું એ ધન્યતા ને શાંતિ પહેલાં હતી ?

* * * * *

## ૪૮. સેવાની યોગ્યતા

'કોણ છે મારો સાથી ?'
'હું છું મારા દેવ !'
એક અસ્તવ્યસ્ત વસ્ત્રધારીએ કહ્યું.

'તું છે મારો સાથી, ઓ દરિદ્ર એવા પ્રેમી ?'
'હા પ્રભુ ! તમારી સાથે રહેવાની મને ખાતરી છે;
તમારે માટે જીવવાની ને મરવાની મારી ખાતરી છે !'

'બોલ, તું મારા જગતના કાર્યને માટે...'

'હા પ્રભુ ! હું તમારી સાથે કામ કરતાં મારું શરીર પણ ખપાવી દઈશ;
મારા રક્તનું પાણી કરીશ.'

'પણ તને ખબર છે ?
તને તે માટે પરિહાસ મળશે,
તારી અવહેલના થશે.
બહુ જ શક્ય છે કે ઈસુ ને સોક્રેટિસ તથા મન્સૂર જેવી તારી દશા થશે.'

'હા પ્રભુ !
પ્રત્યેક પરિસ્થિતિમાં તમારો પ્રેમ મારે માટે આશીર્વાદરૂપ હશે.
એટલે જ હું ઊભો છું.'

'ત્યારે તારો જરૂર સ્વીકાર થશે,
તું મારો થશે !'

* * * * *

## ૪૯. પ્રેમની તૃપ્તિ

આજે પણ એવી જ સવાર હતી.
મંદિરના દ્વાર ઊઘડ્યાં,
પૂજા પૂરી થઈ, ને પ્રેમીજનો પર પ્રભુએ વિશેષ કૃપા કરી.
મેં મારું ગીત ગાયું, ને બધાંને જાણે કે પ્રભુની પ્રત્યક્ષતા થઈ.
પ્રેમીજનોએ પ્રભુની પ્રભુતાને આવરી લીધી.
કોઈએ કંઠે માળા ધરી; કોઈએ કમર પર કર વીંટીને લીલા કરી;
તો કોઈએ 'મારા પ્રભુ, મારા પ્રીતમ' કહીને પોતાની માલિકીને બોલી બતાવી.
પ્રિયતમની મીઠી મોહક આંખ આખરે મારા તરફ ફરી -
જાણે પીયુષની પ્યાલી !
એમાંથી મારા પર વહાલની અનેરી વર્ષા વરસી રહી
ને શ્રીમુખમાંથી સરસ્વતી સરી રહી :
'ઓ પાગલ, અરે પ્યારા ગાયક ! તારામાં પ્રીતિ નથી ?
તને મારા માનીતા ને માલિક બનવાની વૃત્તિ નથી ?'

'નહિ મારા દેવ !' મેં ઉત્તર આપ્યો,
'તમારી મનમોહક આંખ મારી આંખની સાથે આમ જ એક થવા દો;
તમારી પ્રેમસુધામાં મને આમ જ સ્નાન કરવા દો;
તમારા સ્નેહસાગરનો એક કણ જ મારે પર્યાપ્ત છે.
મારા દેવ, મને શાંતિથી ને મૂક મને આ મહા કાર્ય કરવા દો !'

પ્રભુએ પોતાની પાની તરફ દૃષ્ટિ કરી,
ને તેને ચૂમી લઈને કાયમને માટે કૃતકૃત્ય થઈ
મેં મંદિરની બહાર એ જ સંગીતમય પ્રાર્થના સાથે પગલી ભરી.
એ વખતે મારા ગીતની અંતિમ પંક્તિ આ હતી :
'હે પ્રભુ, હે પ્રેમ ! તારી માલિકી મેં ચાહી નથી,
તેમ તારા ગુલામ બનવાનું પણ મને પસંદ નથી.
મારા ગીતે તારી પ્રતિમાને પ્રકટ કરી,
ને મારા પ્રેમે તને પાગલ કરી લ્હે લગાડી;
એ જ કૃતાર્થતા મારે માટે પૂરતી છે !'

* * * * *

## ૫૦. તું જ સર્વ કાંઈ

તારી આંખમાં જ ગંગા છે,
મનના મેલ ધોવા બીજે ક્યાં જઉં ?
તું સ્નેહની મૂર્તિ છે;
સ્નેહની શોધ કરવા બીજે ક્યાં જઉં ?
તારામાં આખું જગત છે; તું આખા જગતમાં છે;
જગતમાં બીજે ક્યાં જઉં ?
તું પ્રેમની પ્યાલી છે, શાન્તિની દેવી છે;
પ્રેમ ને શાન્તિની શોધ કરવા બીજે ક્યાં જઉં ?
ખરેખર, તું એવી પ્યાલી છે,
જેનું પાન કરવાથી જન્મમરણની પાર પહોંચાય છે.

આટલો બધો પ્રેમ પ્રકટવાનું કારણ ?
છટ, એ પ્રશ્ન નકામો છે; હું એ નહિ પૂછું.
એ શબ્દો અસ્થાને છે.
સરિતા જેમ સાગર પ્રત્યે વહે છે,
તેમ હું પણ તારા હૃદય પ્રત્યે વહ્યા વિના નથી રહી શકતો.

છતાં મેં કહ્યું હતું, ને તારા પ્રેમનો પ્રવાહ જ એવો છે,
કે હૃદયની મલિનતા ત્યાં રહી શકતી નથી;
ક્ષુલ્લક વિચારો ત્યાંથી નાસી જાય છે,
ને એમાં સ્નાન કરવાથી પાવન થવાય છે.

નાક શા માટે પકડવું જોઈએ તે સમજાતું નથી.
જપ શા માટે કરવા જોઈએ તે પણ કળાતું નથી.
આંખને બંધ કરવાની પણ શી જરૂર છે ?
આંસુની આરપાર સ્મિત કરનારી તારી મૂર્તિને જોવી એ જ એક સાધના છે.

તું મારી સાધના છે; સાધનાની શોધમાં કયાં જઉં ?
તું મારી સિદ્ધિ ને મુક્તિ છે;
સિદ્ધિ ને મુક્તિને મેળવવા, તું જ કહે કે બીજે ક્યાં જઉં ?

* * * * *

**૫૧. સર્વાત્મદર્શન**

તારાની અગણિત આંખો લઈને
તું મારી સામે જોઈ રહે છે
ને મને તારા અલૌકિક સ્નેહસંદેશા સંભળાવે છે.
મારું અંતર ઊછળી પડે છે
ને વેદનાના અપાર પારાવારમાં સ્નાન કરે છે.
તારાની અગણિત આંખોમાં તું હૃદયને ખુલ્લું કરે છે.

મધરાતની અસીમ ને નીરવ શાંતિમાંથી
તું દૂરથી કોકિલ બનીને કુઉ કરે છે,
ને તારો સાદ સાંભળીને હૃદય વ્યાકુલ બને છે.
મધરાતની નીરવ શાંતિમાં તું સાદ કરે છે.

પુષ્પોની પાંખડી પર
ને ઉષા-સંધ્યાના અસીમ સૌન્દર્યમાં
તું સાકાર થાય છે
ને મારા રાગથી રંગાયેલા હૃદયને સ્પર્શે છે.
મારો પ્રાણ તારામાં મળી ને ભળી જવા માટે વ્યાકુળ બની ઊઠે છે.
ઉષા ને સંધ્યાના સુંદર રંગોથી તું મને રંગે છે.

હૃદયને શાંતિ નથી.
ચરાચરમાંથી તું એને ખેંચે છે,
ને તારા પ્રેમ, સૌન્દર્ય, વિભૂતિ ને માધુર્યના રૂપને એ અનુભવે છે.

પણ તું મૂર્તિમંત બનીને નયનની સામે આવી જા -
એને માટે એ તલસે છે.
અથવા તો એથીયે વિશેષ તો એ
કે આ અનુરાગી અંતરને તારામાં સમાવીને તું સમાધિસ્થ થા;
એને માટે એ ઝંખે છે.
ચરાચરમાં રહેલો તારો પ્રાણ પ્રાણને પ્રેમથી રંગે છે.

* * * * *

## પ૨. લોકો મને નાસ્તિક કહે છે

લોકો મને નાસ્તિક કહે છે, પણ હું શું કરું ?
મને તારી આરતી ઉતારતાં, સ્તુતિ ગાતાં કે પૂજા કરતાં આવડતું નથી.
આખા જગતમાં તારું દર્શન થવાથી મારી વાચા વિરમી ગઈ છે,
ને હું જ તારી પૂજાનું ફુલ બની ગયો છું.

લોકો મને નાસ્તિક કહે છે, પણ હું શું કરું ?
તારી માળા પહેરવાનું કે તારું તિલક કરવાનું મને પસંદ નથી.
તારા નામની મોટી મોટી પ્રાર્થનાઓ પણ મારી કલ્પનામાં આવી શકતી નથી.
તારા મનમોહન રૂપની પાછળ પાગલ થઈ
ને તારા ચરણને સૂંઘવા
હું તારી પાછળ પાછળ ભમ્યા કરું છું,
ને તારી માળા બનવાના મનોરથ સેવું છું.

લોકો મને નાસ્તિક કહે છે, પણ હું શું કરું ?
મને તારો અભિષેક કરતાં
કે તારે માટે તીર્થોમાં ફરતાં આવડતું નથી.
કોઈ સાધનાની પણ મને સમજ નથી.

અંધારા ખૂણામાં બેસી રહીને, આંસુથી ઊભરાતી આંખે,
તારી મનોહર મુખાકૃતિને દિવસ ને રાત જોયા કરતાં
હું મારું જીવન પૂરું કરું છું;
જગતમાં તારી ઝાંખી કરતાં જીવન પૂરું કરું છું.

લોકો મને નાસ્તિક કહે છે, પણ હું શું કરું ?

* * * * *

## ૫૩. પ્રેમદેવતાનું દર્શન

પ્રેમની અપાર આનંદોર્મિમાં
હું મારાં અનેકવિધ ગીત ગાતાં ફરતો હતો,
ને પુષ્પે પુષ્પે ને વૃક્ષે વૃક્ષે
એ દેવતાનું દર્શન કરવા પ્રયાસ કરતો હતો.

રોજ રોજ મંદિરમાં જવાનો મારો નિયમ હતો,
ને અનેક પ્રકારની નિયમિત પૂજાવિધિમાં મારો સમય પસાર થતો.
પ્રેમના પરમ દેવતાના દર્શન માટે જ મારો પ્રયાસ હતો.
ને એથી જ હું એવી સાધના કરતો હતો.

રાતોની રાત સાગરના પેલા એકાંત તટ-પ્રદેશમાં પસાર કરતો,
ને તારાગણના ઊંડા અંતરમાં પણ
તેના મુખનું મધુ માણવા મહેનત કરતો.
ખરેખર, મારો પ્રયાસ ઘણો જ દયાજનક હતો.

ને તે રાતે, એ એકાંત સાગરતટે,
મેં પ્રેમનું ગીત ગાયું,
ને તેને સાંભળી ચૂકેલા પેલા પ્રેમીએ મને એની આંખ જોવાનું કહ્યું;
ત્યારે......ત્યારે મેં તેમાં શું જોયું ?
મને સમજ ના પડી;
પણ તેણે કહ્યું: 'આ પ્રેમ.'

ને ખરે જ, મેં ત્યાં, એ અનુરાગે અંજાયેલી આંખનાં આંસુમાં,
પ્રેમદેવતાનું દર્શન કર્યું.
તેનું દર્શન કરવાનું રહસ્ય મને હાથ લાગ્યું.

* * * * *

## ૫૪. બીલીપત્રની પૂજા

આજે પણ પ્રભાતના પ્રથમ પ્રહરમાં જ
મેં મંદિરની મુલાકાત લીધી.
વિદ્વાનો ને આરાધકો અનેકની સંખ્યામાં બેઠા હતા.
શિવલિંગની આસપાસ એમના વેદપાઠ ચાલતા
ને ક્યાંક ક્યાંક મહિમ્નસ્તોત્રના શ્લોક પણ સંભળાતા.

તપસ્વીના તપના ફળ જેવા દીપક પણ પ્રકટી ચૂક્યા હતા.
બીલીપત્ર પણ મૂર્તિ પર અસંખ્યની સંખ્યામાં છવાયેલાં હતાં.
આજે પર્વદિવસ હતો,
ને એટલે જ પૂજાનો આવો વૈભવ.

બીલીપત્ર ચઢાવનારા પંડિતપ્રવરે
મારા હાથમાં બીલીપત્ર આપતાં કહ્યું,
'છૂટે હાથે ચઢાવાય તેટલાં પત્રો ચઢાવો ને પ્રભુને પ્રસન્ન કરો !
સવા લાખ પત્રોને ચઢાવવાનો મારો મનોરથ મેં હજી હમણાં જ પૂરો કર્યો.
તમે પણ ચઢાવો!'

એકાદ - બે બીલીપત્રને એમના હાથમાંથી ગ્રહણ કરતાં મેં કહ્યું,
'એકાદને સમર્પિત કરી શકું -
પ્રભુને એથી અલંકૃત કરી શકું -
તો પણ ઘણું છે.'

પંડિતને મારી વાતની સમજ ના પડી.
પણ પાસે ઊભેલા માર્મિક તત્વજ્ઞે કહ્યું, 'સાચું છે.
એમાંથી એકાદ પત્ર, એકાદ પાંખડી પણ,
પ્રભુ સ્વીકારે એવી રીતે ચઢાવાય,
એકાદ આંસુ પણ જો એ અવસ્થામાં ચઢાવાય,
તો પણ ઘણું છે, ખરેખર ઘણું છે.'

* * * * *

### ૫૫. ઈશ્વર પાસે શું માગે ?

'ઈશ્વર તારી પાસે પ્રકટ થાય,
ને તને વરદાન આપવાની કામના કરે,
તો તું શું માગે ? શું તું મુક્તિ માગે ?'
'ના ના, મુક્તિ નહિ.'
'તો શું સ્વર્ગ માગે ?'
'ના, સ્વર્ગ પણ નહિ.'
'તો શું વૈભવની ઈચ્છા પ્રદર્શિત કરે ?'
'વૈભવની ઈચ્છા પણ નહિ.'
'તો શું કાંઈ જ ના માગે ? તો તો એને ખોટું લાગે.'
'હું તો એ જ માગું કે હે નાથ,
ઋષિમુનિની જે પવિત્ર જનનીને આજ સુધી બંધનમાં બંધાયેલી ને દુઃખી રાખી છે,
તેને સ્વતંત્ર ને સુખી કરી દો !'
'ને તે જો ના કહે તો ?....'
'તો હું કહું કે મારી રહી સહી સાધના કે તપશ્ચર્યાને તેને બદલે લઈ લો.'
'ને તે છતાં તે એને અવગણે તો ?...'
'તો હું કહું કે હે નાથ, કૃપા કરીને મારી દૃષ્ટિથી દૂર હઠો !'

પિતા ને તપસ્વી પુત્રનો એ સંવાદ
શરદઋતુની એક સવારે
મેં ગંગાતટના એક આશ્રમમાં સાંભળ્યો હતો.
દેશની સ્વતંત્રતાના મોટા ભાગના સૈનિકો ત્યારે જેલમાં હતા.
પણ એ સંવાદને સાંભળ્યા પછી
દેશને સ્વતંત્ર થતાં વાર નહિ લાગે તેની મને ખાતરી થઈ,
ખરેખર, ખાતરી થઈ.

* * * * *

## ૫૬. પ્રેમની દીક્ષા

વર્ષાઋતુની શાંત રાત્રિમાં મારા મંદિરની બહાર પગરવ સંભળાયો.
આકાશમાં ગડગડાટ થતો હતો ને વીજળી ચમકતી હતી.
શ્રાવણની શાંત રાત્રિમાં મારા મંદિરની બહાર પગરવ સંભળાયો
બહાર આવીને જોયું તો કોઈ વનદેવી ઊભી હતી.
હાથમાં તાજી માળા ને પુષ્પો, આંખમાં આશા ને ઉમંગ ને રોમેરોમમાં રાગ.
કોઈ દેવબાળા ઊભી હતી
અતિથિનો સત્કાર કરવા અંદર જઈને ફૂલ ને અર્ઘ્ય સાથે હું બહાર આવ્યો,
ને તેના ચરણોમાં સમર્પિત કરીને ઊભો રહ્યો.
ત્યાં તો તેણે પોતાના શરીરને મારી સેવામાં સમર્પિત કરવાની તૈયારી બતાવી
મારા શરીરે રોમાંચ થયો.
બે હાથ જોડીને આ કૃતજ્ઞતા બદલ મેં આભાર માન્યો
ને કહ્યું, 'શરીરની મારે ઈચ્છા નથી.
કોમલ કટી પર કર મૂકી વિલાસમાં રમવાની મારી ઈચ્છા નથી.'
ત્યારે તેણે પોતાના મુખને આગળ લંબાવ્યું,
હોઠને આગળ ધર્યા ને મને ફરી રોમાંચ થયો.
આંખમાં આંસુ સાથે મેં જવાબ વાળ્યો,
'દેવી, ચુંબનની મહેફિલની પણ મારી ઈચ્છા નથી.'
તેણે કહ્યું: 'શું મારા પ્રેમની તમને કદર નથી ?
પ્રેમની મારી ક્ષુલ્લક ભેટ તમને સ્વીકાર્ય નથી ?'
મેં કહ્યુ: 'પ્રેમ માટે હું ઋણી છું, પણ મારા પ્રેમનું સ્થાન ઘણું ગહન છે.'
ને મારી વાણી વિરમી ગઈ.
આંખોમાંથી ગંગા-જમના પ્રકટ થઈ.
એની આંખમાં આંખ મિલાવવાથી મને સમાધિ થઈ.
ભાન આવ્યું ત્યારે દેવી મારા ચરણોમાં પડી હતી.
ચરણની રજને માથે ચઢાવતાં તે ગદગદ થઈ ને બોલી,
'પ્રેમની દીક્ષા લેવા જ હું આવી હતી. ને તે દીક્ષા મને મળી ગઈ.'
વર્ષાઋતુની શાંત રાત્રીમાં આમ એકાએક એક અવનવી ઘટના બની ગઈ.

* * * * *

## ૫૭. ત્યારથી તારો થયો છું

સાગરના તટ પરની તે સુરતાછલી સાંજે
તેં મારી આંખમાં અમૃત રેડ્યું,
ત્યારથી હું તારો થયો છું; તે પહેલાંથી હું તારો હતો.

અંધકારભરી અમાસની રમણીય રાત્રિએ
તારક તારકમાંથી તેં સંદેશ દીધો,
ત્યારથી હું તારો થયો છું; તે પહેલાંથી હું તારો હતો.

એકાંત ઉદ્યાનના પેલા ફોરમભર્યા ફૂલમાં પ્રકટ થઈને
તેં તારું નૂર બતાવ્યું,
ત્યારથી હું તારો થયો છું; તે પહેલાંથી હું તારો હતો.

વૈશાખના ખરા બપોરે, ધીખતા તાપમાં,
પરસેવે પલળતા પેલા વૃદ્ધના રૂપમાં મને દર્શન દીધું,
ત્યારથી હું તારો થયો છું; તે પહેલાંથી હું તારો હતો.

તે ઉન્મત્ત ઉષાએ, પેલી ઉષામુખી કુમારિકામાં
તેં મારા કપોલને સ્મિત સાથે સ્પર્શ કર્યો,
ત્યારથી હું તારો થયો છું; તે પહેલાંથી હું તારો હતો.

સાગરનાં શિશુ જેવા તરંગોમાં
મારા ચરણને વીંટળાઈ વળી તેં મારી પૂજા કરી,
ત્યારથી હું તારો થયો છું; તે પહેલાંથી હું તારો હતો.

* * * * *

## ૫૮. હજારો ગ્રંથ

ગગનમાં ગડગડાટ થાય છે,
ને પાછાં દૂધ જેવા ધોળાં વાદળ છવાઈ જાય છે;
તેની સાથે વાત કરતું કોઈક પંખી આમતેમ ઊડયા કરે છે;
ત્યારે મને પુસ્તક બાજુએ મૂકવા દે;
હજારો ગ્રંથ તેં મારે માટે ઉઘાડા મૂકયા છે.

રૂપેરી પાનીવાળી વીજળી, વાદળની વચ્ચે કૂદ્યા કરે છે,
ને રમતના રસિયા એવા છૂપા તારલિયા તાળી પાડે છે;
ત્યારે મને પુસ્તક બાજુએ મૂકવા દે;
હજારો ગ્રંથ તેં મારે માટે ઉઘાડા મૂકયા છે.

તારું હૃદય આખરે દ્રવી ઊઠે છે
ને વરસાદની અનંત ધારામાં કરોડો કરને ફેલાવતાં,
તું મારા પર પ્રેમ દર્શાવે છે;
ત્યારે મને પુસ્તક બાજુએ મૂકવા દે;
હજારો ગ્રંથ તેં મારે માટે ઉઘાડા મૂકયા છે.

આ ખુલ્લા મેદાનમાં, પવનની પાંખ પર બેસીને, તું પ્રસરી રહ્યો છે,
ને ઉદ્યાનનાં ફૂલોમાં બિન્દુ બનીને બેઠો છે.
આકાશની ઉષામાં તારું હૈયું ખોલીને તું રમી રહ્યો છે;
ત્યારે મને પુસ્તક બાજુએ મૂકવા દે;
હજારો ગ્રંથ તેં મારે માટે ઉઘાડા મૂકયા છે.

પાંપણ પર પ્રેમનો પ્રસાર કરીને
આ આનંદી બાળકના રૂપમાં તું મારી સોડમાં સૂતો છે,
ત્યારે મને પુસ્તક બાજુમાં મૂકવા દે;
હજારો ગ્રંથ તેં મારે માટે ઉઘાડા મૂકયા છે

ને આ ઝરણ તો જો !
ધીરું ધીરું ગીત ગાતાં તું એમાં વહી રહ્યો છે,
મને વહેવા બોલાવી રહ્યો છે;

ત્યારે મને પુસ્તક બાજુએ મૂકવા દે;
હજારો ગ્રંથ તેં મારે માટે ઉઘાડા મૂક્યા છે.

* * * * *

## ૫૯. ઝરણમાંથી જ જવાનું

આ કેકારવ ને કળા કરતા કમનીય કલાપીની પાંખમાંથી
તારો પુરાણો પરિચય આપતાં તું મારા હૈયાને હલાવી નાખે છે,
ત્યારે મને જરીક હસવું આવે છે :
તને ખોળવા માટે મેં ડુંગરો, જંગલો ને ખેતરો ખૂંદેલા !

કુમુદ કરતાંયે વધારે કોમલ ને કલાત્મક કેલિ કરતી આ કુમારીની આંખમાંથી
તું મને આલિંગન માટે આમંત્રણ આપે છે
ને એના પ્રાણમાંથી પ્રેમનો પાવન પ્રવાહ બનીને -
પ્રેમની પાવડી પર પધારીને - મને પાવન કરવાનો પ્રયાસ કરે છે,
ત્યારે મને જરાક હસવું આવે છે :
તને ખોળવા માટે મેં ડુંગરો, જંગલો ને ખેતરો ખૂંદેલા !

પંખીની સુમધુર સૂરાવલિમાં સ્નેહના સંદેશા કહી બતાવે છે,
ને મિત્રોની ઉમંગભરી આંખમાંથી મારી અમૃતઆંજેલી આંખમાં વહી રહે છે,
ત્યારે મને જરાક હસવું આવે છે :
તને ખોળવા માટે મેં ડુંગરો, જંગલો ને ખેતરો ખૂંદેલા !

ઉપવનના આ રંગબેરંગી ફૂવારાનાં ઝીણા જલબિંદુ
તારા સ્નેહનું સનાતન સંગીત સંભળાવતાં મને સ્પર્શ કરે છે,
ને આ કુસુમોમાં કામણ કરતાં, જળની ધારામાં કિલ્લોલ કરતાં,
મારી સામે તારા શાશ્વત સ્વરૂપને પ્રકટ કરે છે,
ત્યારે મને જરાક હસવું આવે છે:
તને ખોળવા માટે મેં ડુંગરો, જંગલો ને ખેતરો ખૂંદેલા!

મારે ઝરણમાંથી જ જવાનું હતું, પણ મેં સાગરનાં સ્વપ્નાં સેવેલાં !

* * * * *

## ૬૦. ભેદનું ભાન

તારી કૃપાનું એક જ બિંદુ પડ્યું
ને મારી જન્મોજન્મની તૃષા ટળી ગઈ.

તારા પ્રકાશનું એક જ રશ્મિ છૂટ્યું
ને મારી યુગયુગની અંધારપૂંજી જલી ગઈ.

તારા સૌન્દર્યની એક જ છાયા પડી
ને મારી કુરૂપતા ઊડી ગઈ.

તારા રૂપની એક જ રજ પડી
ને મારી વિરૂપતા મટી ગઈ.

તારી દૃષ્ટિની એક જ રેખા પડી
ને મારી વિહ્વળતા જતી રહી.

તારી અમીદૃષ્ટિનું એક જ બિન્દુ પડ્યું
ને મારી જુગજૂની તૃષા ટળી ગઈ.



આજે મેં એ ભેદ જાણ્યો
કે તારી કૃપાના ક્ષીરસાગરમાં
સાધનાની સર્વે સરિતા સરી જાય છે,
તારી કરુણાના મહાજલમાં
ભજનજલના બધા જ ભંડાર ભળી જાય છે.

* * * * *

### ૬૧. પ્રેમની અનેરી કથા

તારું સુંદર રૂપ !
કરોડો સૂર્ય કે ચંદ્રમાનો પ્રકાશ
જેના કિરણના એક સહસ્ત્રાંશ માત્રનું જ પરિણામ છે;
ને જેની છાયાના એક લક્ષાંશને લીધે જ સૃષ્ટિમાં સૌન્દર્યનું ગૌરવ છે !

અહો તારાં ચરણકમલ !
જેની ગુલાબીની છાયામાત્ર
આ ઉષાની શોભાનું ઉગમસ્થાન છે,
ને જેની ચમકતી રેખામાં આ પરિમલધારી પુષ્પોની પ્રેરણા છે;

જેની લાલીની રજમાત્રથી જ
સુંદરીઓ સુશોભિત બની છે,
ને જેની મનોહરતાની છાયા જ સૌમાં આકર્ષણ બનીને વસી રહી છે;

આવી તું મને જોતાવેંત ભાન ભૂલી ગઈ,
મારી પાછળ મુગ્ધ થઈને મને મુગ્ધ કરી ગઈ,
ને મારે માટે પ્રેમની પ્યાલી બની ગઈ,
એ આપણી કેવી અનેરી પ્રેમકથા છે !

* * * * *

## ૬૨. 'બધું જ ભુલાવી દે'

હું તો એમ જ કહું છું
કે શાસ્ત્રોનો ભાર તું મારા મસ્તક પરથી ઉતારી દે !

કદાચ હું વેદના મંત્રો ને ઉપનિષદનાં રત્નો પણ સદાને માટે વીસરી જઉં;
ગીતાનાં ગૌરવ જેવાં વાક્યો પણ વીસરી જઉં,
ને જે જે જાણ્યું, વાંચ્યું કે સાંભળ્યું છે તે સઘળું ભૂલી જઉં.

હા, વિસ્મરણ એ જ મારી ભિક્ષા થશે;
તારી પાસે હું આજે આ ભિક્ષા માગી રહ્યો છું.

મારા વાસ્તવિક પ્રામાણિક પ્રેમને પ્રકટ કરવો હોય
તો મારું બધુંય ભુલાવી દે.
જગતનું ભાન પણ ભલે ના રહે....!
આંખ, અંતર ને અંગેઅંગમાં એક તારી જ મૂર્તિને રાખી દે;
બીજું બધું જ ભલે ભુલાવી દે !

હું તો એમ જ કહું છું
કે શાસ્ત્રોનો ભાર તું મારા મસ્તક પરથી ઉતારી દે;
તારા વિનાનું બીજું બધું જ ભુલાવી દે.

* * * * *

## ૬૩. સાધનાની સમાપ્તિ

આજ સુધી હું તને સમજી શક્યો ન હતો,
ને એટલે જ તારે માટે યોગ્યતા મેળવવા
મહેલ મૂકીને વનની વિજન વાટે ચાલી નીકળેલો.

આજ સુધી હું તને સમજી શક્યો ન હતો,
ને એટલે જ તારા પ્રેમનું પાત્ર બનવા
ને તારી કૃપાથી કૃતાર્થ થવા
ગહન ગિરિપ્રદેશની ગુફામાં છુપાઈ રહેલો.

આજ સુધી હું તારો પવિત્ર પ્રેમ જાણી શક્યો ન  હતો,
તારું રહસ્ય સમજી શક્યો ન હતો,
ને એટલે જ યોગ ને જ્ઞાન તથા ઉપાસના
ને ભક્તિ-તપની અટપટી ગલીઓમાં ગૂંચવાઈ ગયેલો.

પણ આજ તને જાણી શક્યો,
ને ત્યારે જ સમજ્યો કે
તારે માટેના મર્મભેદક મૂક પોકારમાં જ સર્વ કાંઈ સમાઈ જાય છે,
સર્વે સાધન સમાપ્ત થાય છે.

* * * * *


## ૬૪. ગૌરવ ને ભાગ્ય

ઉજ્જડ ધરતીનો હું વણઝારો
ને વાટિકાની તું મહારાણી;
તારી સાથે પ્રેમ કરવામાં ગૌરવ કેમ ના માનું ?

સૂકા પ્રદેશનો હું પ્રવાસી
ને લીલા પ્રદેશની તું રૂપરાણી;
તારો પ્રેમી થયો માટે મને ભાગ્યશાળી કેમ ના માનું ?

વિરૂપતાના વેશ જેવો હું માનવ
ને સૌન્દર્યના શણગાર જેવી તું મહાદેવી;
મારા પર મુગ્ધ થઈ તેને માટે ગૌરવ કેમ ના માનું ?

નિર્ધન ને જગતનાં બંધનોમાં બંધાયેલો હું બંદી,
ને ધની ને મુક્ત એવી તું રૂપરાણી;
મને તારા હૃદયનો શણગાર બનાવ્યો
તેને માટે ગૌરવ કેમ ના ધારું ?
મારી જાતને ભાગ્યશાળી કેમ ના માનું ?



* * * * *

## ૬૫. સાધનાની સફળતા

યોગની ગૂઢાતિગૂઢ અટપટી સાધનામાં
મેં જીવનનો સોનેરી સમય પસાર કર્યો,
ને મંત્રના આરાધનમાં સ્મશાનના સૂના પ્રદેશમાં રાત્રીઓ ટૂંકી કરી.

ધ્યાન તથા અનુષ્ઠાન કરવામાં પણ
મેં પાછું વાળીને ના જોયું,
ને તીરથના મહિમાથી મોહાઈને
મોટા ભાગના જીવનને પૃથ્વીની પ્રદક્ષિણામાં પૂરું કર્યું.

જ્ઞાનની ગંભીર ગૂંચોમાં ગોથાં ખાધાં,
ને સાગર ને સરિતામાં સ્નાન કરી કરીને
અનંત એવા આનંદના અનુભવ સારુ નિષ્ફળ પ્રયાસ કર્યો.

પરંતુ તે દિવસે સુંદરતાના સદન સરખી સુકુમારીમાં તને જોઈ
ને સ્નેહના સુધામય સ્વર સાથે તારી પૂજાનું ફૂલ બન્યો,
ત્યારે જ મારી સાધના સફળ થઈ;
ત્યારે જ મારી મહાયાત્રા પૂરી થઈ.

* * * * *

### ૬૬. સત્યની સમજ

પહેલાં તો મને લાગતું હતું કે
તારું શુષ્ક હૃદય કોઈના પર પ્રીતિ નહીં કરતું હોય;
તેના પ્રાણ થઈને વિરાજવાનું ભાગ્ય કોઈને પણ નહિ મળતું હોય.
બીજા તારાં ગીતો ગાતા
ને તને પ્રસન્ન કરવા તારી પૂજા પણ કરતા.
તે તને શણગારતા,
ને તારા કટાક્ષ માત્રને મેળવવા અનેક રૂપમાં તારી આગળ હાજર થતા.

હું તો કંગાલ હતો. પ્રેમની ભાષા મને આવડતી ન હતી,
ને પ્રેમના હાવભાવથી પણ હું તદ્દન અજાણ હતો.
પૂજા, સેવા ને શણગાર ને તો હું સમજું જ ક્યાંથી ?
કદાચ તે વખતે તેં મને હૈયે લેવા હાથ લંબાવ્યા હોત,
તો પણ હું કંપીને ઢળી જાત;
ને જો તેં મારા તરફ સ્મિત જ કર્યું હોત,
તો પણ તે મારે માટે વજ્રપાત થાત.
એવો હું તે વખતે ભયભીત હતો,
ને તારી પાસે આવવાનું અશક્ય માનતો હતો.

પણ કોણ જાણે કેમ, તે વખતે તારી સાથે મારી અચાનક ભેટ થઈ ગઈ,
ને આપણી આંખ પરસ્પર એક થઈ.
તે દિવસથી હું હૃદયવિહોણો બની ગયો;
તારી પૂજાનો મહાપ્રસાદ થઈ રહ્યો.

ને પછી જ જ્યારે આપણી મુલાકાત વારંવાર થઈ
ને મારા પ્રેમને પીતાં પીતાં તું ધરાવા જ ના માંડ્યો,
ત્યારે જ હું સમજી શક્યો : તું  કુસુમથી પણ કોમળ  હતો;
સૌ કોઈ ને તારો પ્રાણ કરવા તલસતો હતો.

તારું પ્રેમપાત્ર થવા કોઈ આવતું નહિ, માટે જ તું શુષ્ક હતો :
જે તારા તરફ મીટ પણ માંડતું, તેને માટે તો તું ફિદા ફિદા હતો.

* * * * *

## ૬૭. મારો ને તારો પ્રેમ

મારા કરતાં તારો પ્રેમ કેટલો ઉત્કટ હતો !
અહા, મારા કરતાં તારો પ્રેમ કેટલો પ્રશસ્ય હતો !

હું તો તને ફુરસદના વખતે જ યાદ કરતો હતો.
પણ તું મારી ચરણરજમાં આળોટતો આઠે પહોર મારી પાછળ ફરતો હતો.
અહા, મારા કરતાં તારો પ્રેમ કેટલો ઉત્કટ હતો !
મારા કરતાં તારો પ્રેમ કેટલો પ્રશસ્ય હતો !

હું તો તને શાંતિના સમયે જ સંભારતો.
પણ તું મારે દ્વારે તારી ભિક્ષા માગતો આઠે પહોર નત મસ્તકે ઊભો રહેતો.
અહા, મારા કરતાં તારો પ્રેમ કેટલો ઉત્કટ હતો !
મારા કરતાં તારો પ્રેમ કેટલો પ્રશસ્ય હતો !

હું તો કાંકરાઓમાં ફરતો, ખાડામાં ને ટેકરા પરથી પડતો
તથા કાંટાથી ઘવાતો તને દોષ દેવાનું કરતો હતો.
પણ તું લોહીલુહાણ પાનીએ મારી પાછળ ભમતો હતો.
અહા, મારા કરતાં તારો પ્રેમ કેટલો ઉત્કટ હતો !
મારા કરતાં તારો પ્રેમ કેટલો પ્રશસ્ય હતો !

વિપત્તિનાં વાદળ આવતાં હું કોપાયમાન થવાનું કરતો હતો.
તું મારા એક જ દૃષ્ટિપાતને ખાતર રડી પડતો,
વલોપાત કરતો હતો !
અહા, મારા કરતાં તારો પ્રેમ કેટલો ઉત્કટ હતો !
મારા કરતાં તારો પ્રેમ કેટલો પ્રશસ્ય હતો !

હું તો તારું એકાદ દર્શન જ માગતો હતો.
પણ તું મારા હૈયાનો હાર થઈને વિરાજવા માગતો હતો.
અહા, મારા કરતાં તારો પ્રેમ કેટલો ઉત્કટ હતો !
મારા કરતાં તારો પ્રેમ કેટલો પ્રશસ્ય હતો !

* * * * *

## ૬૮. મારું ગૌરવ

મારું કાંઈ પણ ગૌરવ હોય તો
આ તારું સુમધુર, વહાલના વાદળ જેવું વદન, ને તારું મધુમય નામ,
જેનો રસ હું પેલા ચાતકની જેમ અહર્નિશ ને એકતાનતાથી પી શકું છું.

મારું કાંઈયે ગૌરવ હોય તો
આ તારો કોમળ ને કમનીય કંઠ,
જેની આસપાસ કરની કોમળ માળા કરીને
હું પેલા પ્રભુતાનાં પ્રતીક જેવાં તારાં નેત્રોમાં મારાં નેત્રો વાટે વહી શકું છું.

મારું કાંઈ પણ ગૌરવ હોય તો
આ તારી સુંવાળી, સ્નેહના સદન સરખી સુવાસિત છાતી,
જેની સાથે છાતી મિલાવીને હું મારાં તોફાન શમાવી શકું છું;
સિતારના સઘળા તારોનો સંવાદ સાધીને તારી સાથે ગૂઢાતિગૂઢ વાતો કરી શકું છું

મારું કાંઈયે ગૌરવ હોય તો
આ તારી ગૌરવભરી, દેવોને દુર્લભ ગોદ,
જેમાં એક મુગ્ધ શિશુની પેઠે આળોટીને એક ક્ષણમાં હું મુક્ત થઈ શકું છું,
સર્વ કાંઈ ભૂલી રહું છું.

મારું કાંઈ પણ ગૌરવ હોય તો
એક તું જ ને તારું બધું જ,
જેની આગળ સમસ્ત સંસારની શ્રી ને સંપત્તિને પણ હું ગૌણ ગણું છું,
જેમાં સ્વર્ગ ને સિદ્ધિ, મુક્તિ ને ભુક્તિ સૌના સારનું દર્શન કરું છું, ગૌરવ ગણું છું.

* * * * *

## ૬૯. તારા માટે જ જીવું છું

જગતના જીવો મને ધિક્કારશે,
તો પણ મને શોક નહિ થાય;
તું મને પ્રત્યેક પરિસ્થિતિમાં ને પ્રત્યેક પ્રસંગે સત્કારવા તૈયાર રહે છે.

લોકો મને પતિત ને અધમ તથા દરિદ્ર ને દુઃખી માનીને
કદાચ મારી પાસે પણ નહિ આવે, તો પણ મને શોક નહિ થાય.
મને ખાતરી છે કે તું મને સદા માટે પુણ્યશાળી માનવાનો છે,
ને મને તારી શીતળ છાતીએ લઈને શાંતિ આપવાનો છે.

ધગધગતા તાપથી મારું રક્ષણ કરવા કોઈ તૈયાર નહિ થાય,
ને આંખનાં અનંત આંસુ દેખીને કોઈને દર્દ નહિ થાય,
તો પણ મને પરવા નથી.
તારો ભાવ ભરેલો ખોળો મારે માટે સદા ખુલ્લો રહેવાનો છે,
ને એ પણ એટલું જ સાચું છે કે
મારાં આંસુ લોતાંલોતાં તું તારો પ્રેમ પ્રકટ કરવાનો છે.

ને તેથી જ હું જીવું છું તે તારે માટે જ જીવું છું.
તારી અમીભરી અલૌકિક આંખ એ જ મારી સંજીવની છે,
ને તારો ખુલ્લો ખોળો એ જ મારું જીવનધન છે.

* * * * *

## ૭૦. અમારું જગત

કોઈએ જગતને ઝેર જેવું
તો કોઈએ ભયંકર ભુલભુલામણી કહ્યું છે.

કોઈએ જગતને જુઠું જાણ્યું છે;
તો બીજા કોઈએ તેને મૃગજળ જેવું માન્યું છે.

કોઈએ તેને ક્ષણિક ને સ્વપ્ના સમું કહી બતાવ્યું છે;
તો કેટલાકે પાણીના પરપોટા જેવું.

તેમને માટે તે ગમે તેવું હોય,
મારે માટે તો સ્વર્ગ સમું સુખદ ને સુંદર થયું છે,
કેમ કે તારા મંગલ મહામિલનનું એ એક અગત્યનું સાધન બન્યું છે.
એમાં શ્વાસ લઈને જ
જીવન તારા વિશાળ સ્નેહસાગરમાં સમાઈ ગયું છે,
ને સરિતા પેઠે સ્વતંત્ર રીતે વહેવા છતાં તારું થયું છે.

મારે માટે તો તે નંદનવન બન્યું છે;
તારું સુંદર સનાતન નિવાસસ્થાન થયું છે !

* * * * *

### ૭૧. સમર્પણનું રહસ્ય

મને એ જ આશ્ચર્ય થાય છે
કે મારા જેવાના કંઠમાં તેં શું જોઈને તારી વરમાળ આરોપી.

મારા જેવા નગ્ન ને ચીંથરેહાલને
તેં તારો પ્રેમપ્યાલો કેમ પાયો -
મને એ જ આશ્ચર્ય થાય છે.

મારામાં રૂપ નહોતું, ને ખરે જ,
હું કુરૂપ હતો.
મારામાં જ્ઞાન પણ નહોતું, ને ખરે જ,
હું અજ્ઞાન હતો.
ધન પણ મારી પાસે ન હતું,
ને હું નિર્ધન હતો.
છતાં પણ તેં મને તારો પ્યારો કેવી રીતે કરી દીધો -
એ જ મને આશ્ચર્ય થાય છે.

આ બધું હું પૂછતો હતો;
પણ હવે સમજાયું છે કે
હું હૃદય આપવા તૈયાર હતો,
ને તેથી જ તારો થયો હતો.
હું તારા ચરણમાં સર્વસ્વ ધરી રહ્યો હતો,
ને તેથી જ તારું પ્રેમપાત્ર બન્યો હતો.

તને હૃદય આપે છે તેને તું હૃદય આપે છે,
એ વાતમાં જરા પણ શંકા ક્યાં છે ?

* * * * *

## ૭૨. વિરહી પ્રિયાને

નયનમાં બોરબોર જેવડાં આંસુ ભરીને
દર્શનને માટે દુખાવાનું શું કારણ છે ?

સૂના મંદિરમાં દીવો બાળીને
રાત ને દિવસ એની પ્રતીક્ષા કરતાં,
વ્યાકુળ થઈ થઈ ને ઓછું લાવવાનું શું કારણ છે ?

તારો સંતોષ તો દર્દમાં જ હોય;
તારું જીવન આંસુના પ્રવાહમાં જ હોય;
કેમ કે આ કાંઈ બદલો કે વ્યાપાર નથી.

હે કમલિની જેવા મુખવાળી પ્રિયા,
તું તારી મૂક વેદનામાં જ મોજ લે !
તારા પ્રેમની ધારામાં સ્નાન કરવાના સૌભાગ્યને
તારો પ્રિયતમ અવગણી નહિ શકે.
ને ખરે, સમય જતાં
તારો પ્રિયતમ પણ તારા વિના નહિ રહી શકે.

* * * * *

## ૭૩. ભૂત, વર્તમાન ને ભાવિની નિશ્ચિંતતા

વીતી ગયું છે તેનો મને શોક નથી,
તેની ચિન્તા પણ નથી, મોહ પણ નથી.
એક માતા પોતાના બાળકની ફિકર રાખે છે,
તેવી જ ફિકરથી તેં મારે માટે જીવનને રાખ્યું હતું.
તે તેં સંકેલી લીધું છે તેનો મને શોક નથી.
વીતી ગયું છે તેનો મને મોહ નથી.

જીવનની પ્રત્યેક પળે
મારી સાથે એક થવાના
એક પ્રેમીના જેવા જ તારા પ્રયત્ન હતા,
એટલે મને સંતોષ છે.
જે વીત્યું છે તેનો મને સંતોષ છે.

જે વીતે છે તેનો મને શોક નથી;
તેનો મોહ પણ નથી; તેની ચિન્તા નથી.
એક માતા પોતાના બાળકની ફિકર રાખે છે,
તેવી જ ફિકરથી તું મારે માટે જીવન તૈયાર કરે છે.
એક પ્રિયા જેમ પતિ પ્રત્યે પ્રકટ કરે છે,
પ્રત્યેક પળે તેમ મારી પ્રત્યે પ્રેમ પ્રકટ કરવાનો જ તારો પ્રયત્ન છે.
એટલે મને સંતોષ છે.
જે વીતે છે તેનો મને સંતોષ છે.

જે વીતશે તેનો મને શોક નથી, મોહ પણ નથી.
એક માતા પોતાના બાળકની સંભાળ રાખે છે,
તેવી જ રીતે તું મારી સંભાળ રાખે છે.
તારા પ્રેમમાં મસ્ત કરવાનો જ તારો પ્રયત્ન છે,
ને પ્રત્યેક પળ પેલા તારી સાથેના મહામિલનના બાહ્ય ઉત્સવની જ નિશાની છે.
એટલે મને સંતોષ છે.
જે વીતશે તેનો પણ સંતોષ છે.

* * * * *

## ૭૪. ધન્યતા

આ તારું મનોહર મુખ !
જગતની ઉષામુખી કુમારિકામાં
કે કમલિની જેવી સ્ત્રીઓમાં
આનો સહસ્ત્રાંશ પણ હું પામી શકત ?
એની મનોહરતામાં મસ્ત થવાનું સૌભાગ્ય મને સાંપડ્યું છે.

આ તારી અમીમય આંખ !
જગતની સુલોચના સુંદરીઓમાં
કે ચકોર જેવાં નેત્રોવાળી સ્ત્રીઓમાં
આનો કોટ્યાંશ પણ હું પામી શકત ?
એની સુધા પીવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયું છે.

આ તારો મનોહર દેહ !
જગતની ઉત્તમ એવી ઉર્વશીઓમાં
કે પુષ્પની માળા જેવી મુગ્ધાઓમાં
આનો સહસ્ત્રાંશ પણ હું પામી શકત ?
એના શૃંગાર થવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે.

આ તારું રસાલ હૃદય !
જગતની રસભરી રમણીઓમાં
કે યૌવનગર્વિત બાળાઓમાં
આનો કોટ્યાંશ પણ હું પામી શકત ?
એમાં ભ્રમર થઈને મળવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયું છે;
એમાં મારું આસન થયું છે.

ને સૌથી વધારે ધન્યતા તો એ છે
કે મેં તો તને મારું અંતર આપી દીધું છે,
પણ તેંય મને તારા સર્વસ્વનું સમર્પણ કર્યું છે !

* * * * *

## ૭૫. મારો મૂક ફાળો

હિમાલયના શાંત ને એકાંત પર્વતપ્રદેશમાં,
તારા પ્રેમ ને પ્રકાશનું મંગલ મહાદાન મેળવવાના
મનોરથથી પ્રેરાઈને મેં પલાંઠી વાળી છે.
આજ સુધીના પૂજારીની મને ખબર નથી,
પણ મારી પૂજા કૈંક નિરાળી છે.
ગુલામી મને સાલે છે,
ને માનવજાતિની પીડા, અશાંતિ ને વેદનાની વીણા પણ
મારા એકાકી અંતઃપુરમાં વાગી રહી છે.

સંસ્કૃતિના સર્વોત્તમ શિખર પર આરૂઢ થયેલી
આ દેશની પ્રજા પાર વિનાનાં બંધનની પીડામાંથી મુક્તિ મેળવે
ને સમસ્ત સંસાર શાંતિના સુધામય સંગીતસ્વરથી સંવાદી બને,
એવી મારી ઈચ્છા છે.
તેને માટે તને પ્રાર્થના કરું છું.

એટલે જ જ્યારે બંધાયેલાં મુક્તિ મેળવશે
ને અશાંત શાંતિ પામશે,
ત્યારે મારું હૈયું હસી ઊઠશે.
મારો ને એ રીતે તારો ફાળો પણ
એ મહાકાર્યમાં કાંઈ ઓછો મહત્વનો નહિ હોય.

* * * * *

## ૭૬ તરછોડી ના દઉં

દુઃખ ને દર્દ જ્યારે જીવનમાં વરસાદની ધારાની જેમ અવિરત વરસ્યા કરે,
સંભવ છે કે હૈયું હારી જાય ને મન નિરાશ થાય.
એવે વખતે પણ જીવનની શ્રદ્ધા ખોઈ ને હું જંગલમાં ના જઉં.
હે મારા પ્રેમમય,
વૈરાગી બનીને જંગલમાં ના જઉં !

નિંદા ને અપમાન જ્યારે માઝા મૂકે,
ચારેકોર આપત્તિનો અગ્નિ સળગે
ને વહાલા પણ વિરોધ કરે,
ત્યારે પણ જીવન પ્રત્યે અવિશ્વાસ જગાવી
ને બેચેન બનીને હું જંગલમાં ના જઉં
ને નીરસતાનાં કઠોર ગીત ના ગાઉં !

શ્રદ્ધા, આશા ને હિંમત સદાયે એવી જ અચળ રહે
ને દીપકની જ્યોતિની જેમ પ્રાણ
તારી કરુણાના મંગલ મંદિરમાં જાગી રહે.
સર્વ કાળે ને સર્વે સ્થળે તું મારા પર
તારા અનુરાગનું અમૃત વરસાવ્યા કરે;

હે મારા અમૃતમય,
હું તને કોઈયે કારણે તરછોડી ના દઉં;
બધે તારું દૈવી દર્શન કરીને કૃતાર્થ થઉં !

* * * * *

## ૭૭. સાધકને

એના ચરણ કુસુમ કે કમળ કરતાંયે કરોડોગણા કોમળ છે.
તારા કાળજાને કોમળમાં કોમળ ને નિર્મળ કરી દેજે.
રખેને એમાં રહી ગયેલા રજકણથી એને આઘાત થાય.

એના નયન નેહથી નીતરતાં તેમજ મૃદુથી પણ મૃદુ છે.
તારા નયનને સ્ફટિક સરખાં સાફ ને માખણથી મૃદુ તથા મધુમય કરી દેજે.
રખેને એમાં રહેલી વિકૃતિથી વિકૃત થાય
ને અંતરના અશ્રુપ્રવાહમાં વહી જાય.

એના પ્રાણનું સંગીત સુંદર, શાંત ને સંવાદી છે.
તારા પ્રાણને પણ સુંદર, શાંત ને સંવાદી બનાવજે !
રખેને એના વિસંવાદથી એનો સ્વર્ગીય સંગીતસૂર છેદાઈ જાય,
એનું પ્રેમગીત ભેદાઈ જાય.

એના ચરણ કુસુમ કે કમળ કરતાંયે કરોડોગણા કોમળ છે.
તારા કાળજાને કોમળમાં કોમળ ને નિર્મળ કરી દેજે.
રખેને એમાં રહી ગયેલા રજકણથી એને આઘાત થાય.

* * * * *

## ૭૮. પ્રેમની પરાકાષ્ઠા

પ્રત્યેક પળે હવે તું મને તારા પ્રેમનો પીયુષપ્યાલો પાય છે
ને એના અલૌકિક આસ્વાદમાં એક કરી દે છે.

હું જ કોઈ પ્યાલો હોઉં તેમ
તેં મને જ તારો પ્રેમપ્યાલો બનાવી દીધો છે,
ને તેને પીતાંપીતાં તું પરમ તૃપ્તિ ને મસ્તીનો અનુભવ કરે છે.
પ્રત્યેક પળે તું તેને ખાલી કરે છે ને ભરે છે.

દિવસ ને રાત, સાંજ ને સવાર, દૂર ને સમીપ,
કાળ કે સ્થળના કોઈયે પ્રકારના અંતરાય આપણી પાસે આવી શકતા નથી.
તું પીએ છે ને મને તારો જામ પાય છે.
આપણો ઉત્સવ એમ ચાલ્યા જ કરે છે.

વિસ્મયની વાત તો એ છે
કે આપણે એવાં તો એકાકાર થયાં ને પલટાઈ ગયાં છીએ
કે તું મને કે હું તને -
કોઈ કોઈને ઓળખી શકતાં નથી.

અહા, તું મારાથી છૂટવા સમર્થ નથી ને હું તારાથી.
આપણી વચ્ચે એવી અનેરી એકતા થઈ ગઈ છે !

* * * * *

## ૭૯. જીવનનો મર્મ

પ્રેમાળ પૃથ્વી પર તું પગલી મૂકે છે,
ત્યારે રજની આરપાર રહીને
હું તારી સુંવાળી પાનીને ચૂમું છું;
એની તને ખબર છે ?

અને જ્યારે પણ તું દૃષ્ટિપાત કરે છે,
ત્યારે તારી આંખના અમૃતનો આનંદ હું લૂંટું છું;
એ તું સમજે છે ?

જ્યારે તું બોલવા માંડે છે,
ત્યારે તારી વાણીની અંદર માધુર્ય બનીને
હું વહી રહું છું;
ને તું હસે છે, ધન્ય બને છે,
ત્યારે તૃપ્તિના પુણ્યમય તીર્થ પર
આપણા બંનેના સંગમનો રસ ચાખું છું.



અને જ્યારે તું સૂઈ જાય છે,
ત્યારે તારા શીશને મારા સ્નેહાળ ખોળામાં લઈને
હું આપણા પરમ પ્રેમનું સંગીત ગાઉં છું;
એની તને ખબર છે ?

એમ તારી ને મારી પ્રેમલીલાનો સહજ ધ્વનિ,
એને જ તું જીવન કહે છે;
એની તને જાણ છે ?

* * * * *

## ૮૦. તું જાણે છે ?

પ્રત્યેક પરમાણુ પ્રભુતાની પ્રેરક સરિતા છે,
એ તને ખબર છે ?
ને શું તું જાણે છે,
કે પ્રત્યેક પથ્થર એ પ્રાણવંત પ્રેમનું પ્રતીક છે ?

પ્રત્યેક શબ્દ કે ધ્વનિ
વિરાટ સંગીતના છૂટાછવાયા તાલબદ્ધ સ્વર છે,
ને પ્રત્યેક ક્રિયા
વિરાટની પરમ પૂજા અથવા આરાધના છે,
એ તું જાણે છે ?

આની તને જાણ નથી
તેથી જ તું જગતને અંધારી ઓરડી કહે છે
ને નંદનવનના દિવ્ય સુખથી વંચિત રહે છે !

* * * * *

## ૮૧. પ્રભુની વાણી

પ્રિયજનના પ્રભાત સમયના
પૂર્વ-આકાશ જેવા મુખમંડલ પર
ઉષાની જેમ સ્મિત થઈને હું પ્રકટું છું.
તું તેને નિષ્ઠુરતાથી અવગણીશ નહિ;
એવી વાતથી હું કંપુ છું.

સ્નેહી જનોના સ્નેહછલેલા શબ્દોમાં
અમૃત બનીને હું પ્રવાહ જેમ વહ્યા કરું છું.
તું તેમાં કટુતાનું વિષ ભરીશ નહિ;
હું બહુ મંજુલ છું.

પ્રેમીના હૃદયકમલમાંથી પરિમલની જેમ
હું તારા પ્રત્યે આપણો પરિચય આપતાં પ્રસરું છું.
તું તેને ઝેરી નયનથી નિહાળીને મલિન કરીશ નહિ;
એવા વિચારથી પણ હું થથરું છું.

* * * * *

## ૮૨. જીવનની રહસ્યસૃષ્ટિ

પ્રત્યેક સાંજે મને આપણું પેલું પુરાણું પ્રેમમંદિર યાદ આવે છે,
સંધ્યાની સુંદર સુરખી જોઈને
તારા પ્રાણની સ્નેહલીલાનું સ્મરણ થાય છે,
ને કૈંનું કૈં થઈ જાય છે.

સ્ત્રી કે પુરુષ, વૃક્ષ કે વેલ, પંખી કે પુષ્પ,
ઉદધિની ઉત્તુંગ તરંગમાળા ને આકાશના તારા,
રસ્તાની ધૂળ કે ઝરણનું મૂળ,
સૌને જોઈને મને તારા રસાળ હૃદયનું સ્મરણ થઈ જાય છે
ને તેમાં તારી જ ઝાંખી થાય છે.

તારું જ સ્વર્ગીય સુખદ સંગીત
શબ્દોના સ્વરૂપમાં સાંભળુ છું,
ને જેને જેને જોઉં છું
તેમાં તારા જ દૈવી દૃષ્ટિપાતનું દર્શન કરું છું.

તારા જ પ્રેમના પરિમલને
શ્વાસપ્રશ્વાસમાં ધારણ કરું છું,
ને તારા જ પેલા અંતરના તારને ઝંકૃત કરનારા
શીતળ સુવાસિત સ્પર્શનો પ્રત્યેક સ્પર્શમાં અનુભવ કરું છું.

એ છે મારા જીવનની રહસ્યસૃષ્ટિ.
તું મારી આંખનાં આંસુ ને મારી પીડા માટે પ્રત્યેક પળે પૂછે છે,
પરંતુ આમાંથી તને તેનો ઉત્તર મળી રહેશે.

પણ તારે મારી દયા ખાવાની જરૂર નથી.
આ જ મારા જીવનનું અમૃત છે
ને આ જ મારી ધન્યતા !

* * * * *

## ૮૩. એવી મારી સ્થિતિ હો !

મીન જલ વિના જીવી શકતું નથી
ને કોટી ઉપાયે પણ જલ વિના રહી શકતું નથી;
એવી જ મારી સ્થિતિ હો !
ઓ મારા પ્રાણ, એવી જ મારી સ્થિતિ હો !

અષાઢી મેઘને જોતાંવાર મયૂર મત્ત થઈ જાય છે,
પોતાની પૂર્ણ કલાથી પ્રેમોન્મત્ત થઈને તે નાચ્યા વિના રહી શકતો નથી;
એવી જ મારી સ્થિતિ હો !
ઓ પ્રેમપ્રાણ, એ જ મારી સ્થિતિ હો !

જલનું બિંદુ મળે કે ન મળે,
મેઘ તેના મૂક પોકારોને ના સાંભળે ને ગર્જના કરી એને અવગણે,
છતાંય પેલું તપસ્વી જેવું, કાયાને સૂકવી નાખતું ચાતક તપસ્યા છોડતું નથી,
ને બીજા જલનો લેશ પણ લેતું નથી;
એવી જ મારી સ્થિતિ હો !
ઓ પ્રેમપ્રાણ, એ જ મારી સ્થિતિ હો !

મિલનમધુર રાત્રી એક ક્ષણની જેમ વીતી જાય છે
ને વિરહનો સારોય દિન કોટિ કલ્પો જેવો લાંબો લાગે છે.....
પણ વ્યથામાં આનંદ માણતી એ આકાશ તરફ જોયા કરે છે.
કાયાની કલાંતિ ને ગરદનના દુખાવાની એને જાણ પણ પડતી નથી.
અને રખેને આ અંગારથી હું ભસ્મ થઈ જઉં
તો પવનની લહર મને ઊંચે લઈ જાય
ને ત્યાં મારું પ્રીતમ સાથે મિલન થઈ જાય,
તો તે મને લલાટે લગાડે ને હૃદયમાં સ્થાન આપે,
એ આશાથી ચકોરી અંગાર ખાય છે;
એવી જ મારી સ્થિતિ હો !
ઓ પ્રેમપ્રાણ, એ જ મારી સ્થિતિ હો !

સિતારના સૂર છોડતો શિકારી સામે બાણ લઈને ઊભો છે,
છતાં પણ એને ભાન નથી;

પ્રેમના મુગ્ધ પારાવારમાં તે તો મળી જવા માગે છે.
અહા, એ પ્રેમી કુરંગનો પ્રેમ !
એવી જ મારી સ્થિતિ હો !
ઓ પ્રેમપ્રાણ, એ જ મારી સ્થિતિ હો !

અહો મારા પ્રાણ,
મારે તારી આગળ ક્યાં કશું પ્રકટ કરવાનું છે ?
ચુંબક ને લોહની જેમ આપણે એકમેક પ્રત્યે આકર્ષાયા વિના રહી શક્યાં નથી
ને જલ તથા દૂધની જેમ હવે આપણે પૃથક થઈ શકનાર નથી !

* * * * *

## ૮૪. પ્રેમને નહિ જ ભૂલું

એવો દિવસ પણ આવે, જ્યારે હું લોકોનો શિરમુકુટ બનું.
પ્રતિષ્ઠાના ફોરમફુવારા મારી ચારેતરફ દિશા ને પ્રદિશામાંથી ઊડ્યા કરે
ને મારું જીવન દેવદુર્લભ મહામૂલ્યવાન મહિમા ધારણ કરે;
તો પણ શું ?
મારા સ્વરૂપને, મારા જીવનના સર્વસ્વ એવા તને ને તારા પ્રેમને તો હું નહિ જ ભૂલું !

પ્રખ્યાતિનું એવું પુનિત પ્રભાત પ્રકટી ઊઠે,
જ્યારે આખા વિશ્વમાં હું વંદનીય ગણાઉં;
મારું દર્શન, સ્પર્શન ને સંભાષણ બીજાને માટે આશીર્વાદરૂપ બને;
મને જોવા માટે અનેકનાં અંતર આતુર ને તલપાપડ બને,
ને કવિજન મારી પ્રશસ્તિ કરીને તથા બીજા અનેકાનેક
મારા પથ પર પ્રશંસાનાં પુષ્પો પાથરીને પોતાને કૃતાર્થ કરે ને મને અંજલિ ધરે;
તો પણ શું ?
મારા સ્વરૂપને, મારા જીવનના સર્વસ્વ એવા તને ને તારા પ્રેમને તો હું નહિ જ ભૂલું !

સત્તા ને સાહ્યબી મારી સનાતન સેવિકા બને
ને સંપત્તિ તથા સિદ્ધિ, મારા શ્રીચરણમાં આળોટવા માંડે;
ભૂમંડળમાં અનેકના ભાગ્યના વિધાતા થવાનુંયે સૌભાગ્ય મળે,
ને મારું જીવન અવનીને માટે અજાયબી ને અલંકાર બને;
તો પણ શું ?
મારા સ્વરૂપને, મારા જીવનના સર્વસ્વ એવા તને ને તારા પ્રેમને તો હું નહિ જ ભૂલું !

આકાશમાં ઊડવાની, પાતાળમાં પ્રવેશવાની,
ભૂતભાવિના ભર્તા થવાની ને એવી અનેકવિધ અજાયબીભરી શક્તિ સાંપડે,
ને મારા જેવો બડભાગી આ અવનીમાં બીજો કોઈયે ન રહે;
તો પણ શું ?
મારા સ્વરૂપને, મારા જીવનના સર્વસ્વ એવા તને ને તારા પ્રેમને તો હું નહિ જ ભૂલું !

* * * * *

## ૮૫. પ્રેમની મસ્તી

ઓ મારી પ્રેમમૂર્તિ પ્રિયા !
તારા અધર પાસે મારા હોઠ લાવું છું ને જરીક નમું છું,
ત્યાં જ સમાધિ થઈ જાય છે;
ને તને ધારીધારીને જોઉં છું ત્યાં જ ભાન ભૂલી જવાય છે !

ચંદ્રમાના શીતળ પ્રકાશથી ભરેલા તારા શરીરને
સ્પર્શ કરવા મારો હાથ લંબાય છે.
પણ અધવચ્ચે જ અટકી જાય છે.
તારા રૂપની રસસમાધિ એવી અજબ છે.

આંખ તારી આંખનું પીયૂષ પીતી પીતી
પલકારા કરવાનું ભૂલી જાય છે
એમાંથી આનંદની ધારા ટપકી પડે છે.
તારા સૌન્દર્યની મસ્તી એવી અનુપમ ને અનેરી છે.

તારો પ્રેમ જ એવો છે.
તું જ સાચું સૌન્દર્ય છે, ને બીજાં તો તારાં રૂપમાત્ર છે;
કેમ કે બીજી સુંદરીઓ તો સહવાસમાં રહેવાથી જ સુખ આપી શકે છે,
જ્યારે તું તો જેમ દૂર જાય તેમ વધારે પ્રેમ પ્રકટાવે છે.

ધન્ય છે એમને, જે તારું સ્મરણ કરીને એક ક્ષણ ભાન ભૂલી ગયા છે !
તને મેળવવાની મહેનત કરનાર ઈન્દ્રિયોથી પર થઈ જાય છે,
ને બધે જ તારી મનહર મૂર્તિનું દર્શન કરે છે.

* * * * *

## ૮૬. તમે ચાલો

ઓ મારા પ્રાણ,
તમે ચાલો, ચાલો !
ઓ મારા જીવનાધાર, તમે ચાલો !

જીવન ચાલે છે ને બધુંય ચાલે છે;
દિવસ ને રાત, ઉષા ને સંધ્યા, બાલ્યાવસ્થા ને યૌવન;
શરદ, વસંત, પાનખર ને વર્ષા, બધુંય ચાલે છે.
એ બધી વણઝારમાં વીણા વગાડતા ને સૂર પુરાવતા તમે ચાલો !
ઓ મારા જીવનાધાર, તમે ચાલો !

નિર્ઝર ને નાળાં, સરિતા ને સાગર,
ફૂલની ફોરમને ફેલાવનારી આ પવનની લલિત લહરી
ને આ તારામંડળ, બધુંયે ચાલે છે, તેમ તમે પણ ચાલો !
ઓ મારા જીવનાધાર, તમે ચાલો !

અસતમાંથી સતમાં ને વેરમાંથી પ્રેમમાં,
અજ્ઞાનમાંથી જ્ઞાનમાં ને તમિસ્ત્રમાંથી તેજમાં,
ભયમાંથી અભયમાં ને મૃત્યુમાંથી અમૃતમાં,
બંધનમાંથી મુક્તિમાં તમે ચાલો !
ઓ મારા પ્રાણ, જડતાને જલાવી દઈને તમે ચાલો !

* * * * *

## ૮૭. પ્રેમનું કારણ

તારે માટે આટલો બધો પ્રેમ
કદાચ મારામાં ના પ્રકટત,
પણ તે દિવસે જ તેની ઉષા પૂર્ણપણે ખીલી ઊઠી.

તારો પ્રેમ મારે માટે
કેટલા બધા અનંત રૂપમાં વહેતો હતો તે મેં જોયું.

તું મને હૃદય આપતો હતો;
હું તને રજ ન આપું ?

તું મને જીવનનું પ્રદાન કરતો હતો;
હું તને દેહ ન આપું ?

તેં મને તારું સમસ્ત ઐશ્વર્ય અર્પણ કર્યું હતું;
હું તને ફૂટી બદામ પણ ના અર્પું ?

તે દિવસથી ઓ પ્રાણ !
તારો પ્રત્યેક સરોદ મારા હૃદયમાં સરી રહ્યો છે;
ત્યારથી હું ધન્ય થયો છું.

* * * * *

## ૮૮. કર્મયોગીનું કામ

જે નગ્ન ને ચીંથરેહાલ છે,
તેમની વચ્ચેથી તારે માર્ગ કરવાનો છે,
ને તેમની રગેરગમાં ઈશ્વરને જોવાનો છે.
અજ્ઞાન ને આશંકાની આંધી તારી આજુબાજુ વ્યાપેલી છે,
એમાંથી જ તારે માર્ગ કરવાનો છે,
ને તારા ધ્યેયને મેળવવાનું છે.

જ્યાં ફૂલ પણ થતું નથી,
ને ધૂળ પણ ટકતી નથી,
એવા ધખધખતા રણના તારે માળી થવાનું છે,
ને એમાં ફોરમ ફેલાવવાની છે.

ને તારો માર્ગ એવો જ જોઈએ.
તે વિના તારી કસોટી કેમ થાય ?
પણ 'તું મારો પ્યારો પુત્ર છે,'
એથી વધારે બીજું શું કહું ?



હરકત નહિ, મારા પ્યારા પ્રભુ,
ઊની ઊની લૂ મારે મન શીતળ છાંયડી છે,
ને દુઃખનો દાવાનલ સુખનો સાગર.
તમારો મને સદાનો સાથ છે,
પછી મને શી હરકત છે, મારા પ્રભુ ?
તમારો મને સદાનો સાથ છે,
એ જ મારો આનંદ છે.

* * * * *

## ૮૯. દેવતાની પૂજા

દેવતાઓ જે રૂપમાં આપણી પાસે આવે છે, તે રૂપમાં આપણે તેમને નથી પૂજતા;
પરંતુ તેમની પથ્થરની પ્રતિમાઓને પૂજીએ છીએ :
એવી પાંગળી આપણી પૂજા છે !

ઉત્તમોત્તમ ને ફોરમવંતાં ફૂલોથી આપણે તેમને શણગારીએ છીએ
ને તેમના શરીરે સુગંધિત પદાર્થો ને અત્તર લગાડીએ છીએ.
પરંતુ આપણા પથપ્રદર્શક થઈને જે આપણા માર્ગને સાફ કરવા આવે છે,
એમનું અપમાન કરીએ છીએ ને કેટલીક વાર એમને  અપશબ્દો પણ કહીએ છીએ :
એવી પાંગળી આપણી પૂજા છે !

વરસોની ઉપાસનાને અંતે પણ તે હાલતા નથી, ને એક અક્ષરે બોલતા નથી;
છતાં પણ અચળ શ્રદ્ધાને ધારણ કરીને આપણે તેમની પૂજા કરીએ છીએ;
પરંતુ અમૃતનો વરસાદ વરસાવીને, વહાલથી ભરેલાં વચને
આપણી અશુદ્ધિનો અંત આણવા જે તન તોડીને મહેનત કરે છે,
એમની આપણે અવગણના કરીએ છીએ, ને એમનો સત્કાર પણ કરતા નથી :
એવી પાંગળી આપણી પૂજા છે !

જે આપણી સામે, સાથે ને આજુબાજુ જ રહે છે, એમની તરફ આપણે જોતા પણ નથી;
જે આપણે માટે આંસુ સારે છે, મહેનત કરે છે ને બલિદાન બને છે,
એમને આપણે ઓળખતા પણ નથી;
ને દૂરના દેવને પૂજીએ છીએ :
આવી આંધળી આપણી આરાધના છે!

દેવતા એટલે સત્ય, પ્રેમ ને પવિત્રતા;
તેનું દર્શન થાય ત્યાં આપણે આપણી અંજલિ નથી ધરતા;
ને પેલા દેવતાને માટે રડીએ છીએ, સંકટને સહન કરીએ છીએ
ને જીવનનો ત્યાગ પણ કરી દઈએ છીએ :
એવી પાંગળી આપણી પૂજા છે !

* * * * *

## ૯૦. તે મને પસંદ નથી

માનવતાનું મોત કરનારી જે શક્તિ મળે છે, તે મને પસંદ નથી;
હે મારા પ્રભુ, તે મને પસંદ નથી.
દુઃખીનાં દુઃખને જોઈને જે દ્રવે નહિ,
પીડાતાના પરિતાપથી પીગળે નહિ,
રોતાનાં આંસુથી પલળે નહિ,
ને અનાથનાં આક્રંદ જેને અડે નહિ,
તે શક્તિ મને પસંદ નથી;
હે મારા પ્રભુ, તે શક્તિ મને પસંદ નથી.
જીવનને જડ કરવાથી જે શક્તિ મળે છે,
તે મને પસંદ નથી;
હે મારા પ્રભુ, તે મને પસંદ નથી.

તેવી શક્તિ લઈને હું શું કરીશ?
જે એક મારી જ શોભા બનશે, ને બીજાં કોઈનેય કામ નહિ લાગે,
એવી સિદ્ધિ લઈને હું શું કરીશ ?
જ્યાં દુઃખ ને દીનતા છે, વિપત્તિ ને વિષાદ છે,
ત્યાં તેમને ટાળવાની તાકાત હોવા છતાં
મૂક બનીને બેસી રહીને હું શું કરીશ ?
હે મારા પ્રભુ, છતી આંખે અંધ બનીને હું શું કરીશ ?

નહિ;
હું તો તમારા સંસારને વધારે ને વધારે સ્વર્ગીય કરવાનો પ્રયાસ કરીશ,
ને તમારા બાગનો માળી બનીને બધે હરિયાળી ભરીશ !
માનવતાની માવજત કરીને જે જીવન માગશે તેને જીવન દઈશ !
ને જડતામાં જીવનારનો શ્વાસોશ્વાસ થઈશ.
એ મંજૂર હોય તો જ મને શક્તિ આપો;
બાકી તો હું અશક્ત જ રહીશ;
કેમ કે માનવતાનું મોત કરનારી જે શક્તિ મળે છે, તે મને પસંદ નથી;
હે મારા પ્રભુ, તે મને પસંદ નથી.

* * * * *

## ૯૧. સાધના

કામના ફણગાને હૃદયમાંથી નાબૂદ કરવો જોઈએ;
ઓ વૈરાગી, એ વિના કામ ના જ બને.
વાસનાના અંકુરને અંતરમાંથી નાબૂદ કરવો જોઈએ;
ઓ વૈરાગી, એ વિના સાધના ના જ બને.

કાળજાને કોમળ થવા દે,
કુસુમ કરતાં પણ વધારે કોમળ થવા દે,
ને વિપત્તિના વરસાદ તે પર વરસવા દે.
પ્રત્યેક પોચા પરમાણુના સ્પર્શથી પણ નમ્ર રહે એવું તેને પ્રેમાળ થવા દે.

તારી રગેરગમાંથી પ્રેમ ને સૌન્દર્ય વહેવા દે !
વાણીને પતિતપાવની ને અમૃતમયી ગંગા થઈને પ્રકટવા દે !
તથા તારી આંખમાંથી વહેતો પ્રેમ અહીંતહીં અંજાવા દે !
મનના મંગલમંદિરમાં દેવતાનો અભિષેક થવા દે,
ને પ્રાણના આસન પર એના વિના કોઈને પણ આસીન ના થવા દે !
આ સાધનાનો આરંભ કરી દે !

ઓ વહાલા વૈરાગી,
તું શાશ્વત શાન્તિ બની જશે,
કલ્યાણની કેડી થઈ જશે,
ને જે જે ચાહે છે તે બધું જ તને મળી જશે !

* * * * *

## ૯૨. સુખની કામના

મારી આ અપાર અંતરવ્યથાને એમ ને એમ રહેવા દે,
ને આ તારા વિશ્વરૂપનું દર્શન કરતી દૃષ્ટિને પણ
એવી જ મસ્તીથી મઢેલી રહેવા દે !

અંતરમાં ઉગાડેલા પ્રેમના પુષ્પને
ભલે હવે તું જ સંભાળ વિનાનું છોડી દે;
ને ભલે જીવનના કોમળ ને કમનીય કમલ પર
આકરો આઘાત પણ કરી લે !

હું તો ઈચ્છું છું કે તું સુખી રહે -
મારા સુખ માટે તને લવલેશ દુઃખ થાય,
તારે મહેનત કરવી પડે એ હું ઈચ્છતો નથી.

ચાંદનીથી પણ શીતળ ને અમૃતભરી આંખો વડે જે દૃષ્ટિ ઢાળી છે,
ને કમળ કરતાં પણ કોમળ અંગુલી વડે અંતરની સૂતેલી સિતારી જગાડી છે,
એ જ મારી મહાન ને મોંઘી યાદ છે.

તારી આપેલી પ્રેમધારા
ને આ દિનરાતની મૂક વેદનાનું તારું દાન,
આ કાયમનું જાગરણ
ને ડગલે ને પગલે પ્રાણમાં પ્રવેશ કરતી તારી રૂપછાંય,
એ તારો અમોલ ઉપહાર છે.
એને પણ ભૂલવા કદાચ પ્રયાસ કરીશ;
પરંતુ તું તો ભલે શાંતિ જ ભોગવજે, સુખી જ રહેજે !


* * * * *

## ૯૩. હૃદયની મંત્રમુગ્ધતા

તેં આ હૃદયને પહેલેથી જ મંત્રમુગ્ધ કર્યું છે
ને હવે તને તેના તરફ જોવાનો પણ વખત નથી ?
તેં આ હૃદયને પહેલેથી જ તારું કર્યું છે.

જિંદગીના બાલ્યકાળમાંથી જ
તેં ઉષાના રમણીય રંગોમાં રહીને એને જીતી લીધું છે,
ને પંખીની મધુરી સૂરાવલિમાં
તારા જૂનાજૂના સંદેશ દઈને તેનું હરણ કર્યું છે.

સાગરના ઉત્તુંગ તોફાની તરંગોનું રૂપ લઈને
તેં જ મારા ચરણોની આસપાસ ફરી વળી હૃદયમાં મંથન ઊભું કર્યું છે,
ને સૂતી વખતે ઉશીકા પર મુકાતા મસ્તકને
તારા ખોળામાં લઈને તેં જ તારું ગીત ગાયા કર્યું છે.



હવે તે તારા દૈવી સ્વરૂપને સમજી ગયું છે;
જગતના સ્થૂલ રૂપને તે શું કરે ?

* * * * *

## ૯૪. પ્રેમના અંતરાય

આવી વસ્તુઓ આપણા પ્રેમમાં આડે આવે છે
તેની તને ખબર નથી !
આવી વસ્તુઓ આપણા પ્રેમમાં આડી આવે છે.

મને પ્રસન્ન કરવા માટે તું ફૂલને તોડે છે ને મારે ચરણે ધરે છે;
પરંતુ મારા શરીર પરના શણગારને તોડીને મારા ચરણમાં ધરે છે
ને મને સુશોભિત ને સુવાસિત કરવાનો પ્રયાસ કરે છે,
તેની તને ખબર નથી !

તારી પૂજાની ભાવનાને સંતોષવા માટે
તું પથ્થરને કોરે છે ને મારી મૂર્તિ તૈયાર કરે છે;
પણ મારા જ મર્મસ્થાનમાં હથોડાના ઘા કરીને
તું મને ઘડવાનો પ્રયાસ કરે છે,
તેની તને ખબર નથી !

મને પ્રસન્ન કરવા માટે તું જડચેતનનો બલિ ધરે છે;
પરંતુ મને જ પ્રસન્ન કરવા તું મારી કતલ કરે છે,
તેની તને ખબર નથી !

મારા પ્રેમને ખાતર તારે બાહ્ય સાધનનો આધાર લેવો પડે છે,
ને તારી આંખમાંથી એક આંસુ પણ નથી પડતું,
ને તારા હૃદયનો એક સહસ્ત્રાંશ પણ મારે માટે બલિ બનીને જલતો નથી.
તને ખબર નથી, પણ એ આપણા પ્રેમની બાધા છે.
ને તેથી જ કહું છું કે પ્રેમનું એક એવું સ્થાન શોધી કાઢ,
જ્યાં તારા ને મારા વિના કોઈ હોય નહિ,
કહે પ્રેમ વિના કશું હોય નહિ.

* * * * *

## ૯૫. ફૂલની અવસ્થા

'તું અત્યંત આકર્ષક ને સુંદર છે,'
માર્ગ પરથી પસાર થતા મુસાફરે ઉદગાર કાઢ્યો :
'દેવના દૂત તરફથી મળતા તાજા યૌવનની જેમ,
તારી તાજી સુવાસ અંતરને આનંદ આપનારી છે.'

'અરે ભાઈ !
તારી પાસે નથી એવું રઢિયાળું રૂપ ને નથી એવી કોઈ ખાસ સુવાસ.'
બીજો મુસાફર એ સાંભળીને બોલી ઊઠયો.

પરંતુ ફૂલે પહેલાનું સ્વાગત ના કર્યું ને બીજાની અવગણના પણ ના કરી.

એવી આત્મલીન અવસ્થા -
જેમાં ઉત્તમ પોતાની ઉત્તમતાના ખ્યાલથી પણ પર થઈ જાય છે -
એને માટે મારી નિરંતર પ્રાર્થના હો !




* * * * *

### ૯૬. તદરૂપતા પણ

મારામાં વાસના ને લાલસાનો લવલેશ પણ રહ્યો છે,
ત્યાં સુધી મારા પોકાર ને મારી પીડા ને પ્રાર્થનાને ગણકાર નહિ;
ને જ્યાં સુધી તારા સ્મરણમાત્રથી
આ અંતર વ્યથિત થઈને હજારો ઝરણાંરૂપે ઝરતું નથી,
ત્યાં સુધી તું આવ નહિ; એમાં જ મારું શ્રેય છે.

મારો આમૂલ પલટો થવા દે;
મને નખશિખ નેહમાં નહાવા દે;
તારે માટેનો સાચો તલસાટ ના ઊઠે ત્યાં સુધી તું આવ નહિ !
ને તારી દયાથી મને ત્યાં સુધી હીન જ રાખ,
જ્યાં સુધી મારા બધા જ મળ ધોવાયા નથી.

કેમ કે મારે તારું દર્શન કરીને જ કૃતાર્થ નથી થવું;
મારે તો તારી સાથેની તદરૂપતા પણ સાધવી છે.



* * * * *

## ૯૭. ઈશ્વરનું દર્શન

ઈશ્વર ક્યાં છે, તે પ્રશ્નનો ઉત્તર તને હજી પણ નથી મળ્યો ?
તે સમસ્યા તારે માટે શું હજી પણ અણઊકલી જ રહી છે ?

તપસ્યાથી તું થાકી ગયો હોય એમ લાગે છે;
ને લાંબા વખતના એકાંતવાસથી સંસાર પ્રત્યે
તારામાં એક જાતની ઊંડી ઉદાસીનતા આવી ગઈ છે.
અરે, ઈશ્વરને માટે આટલો બધો ઘોર પરિશ્રમ ?
આ સમસ્યા શું એટલી બધી અટપટી ને અઘરી છે
કે તેને ઉકેલવા માગે તેને માટે પણ તેનો ઉકેલ ના થઈ શકે ?

આવી જા મારા મિત્ર, હું તને ઈશ્વરનાં દર્શન કરાવી દઉં.
તારા મંદિરની તદ્દન નજીકમાં જ આ મજૂરો
તેમનાં ઓજારોથી જમીનને સરખી ને સાફ કરી રહ્યા છે.
એમની કરુણ આંખ ને એમનાં ઓજારોના ઉપરાઉપરી થઈ રહેલા અવાજમાં,
આવ, હું તને તે સૃષ્ટિસમ્રાટનું સંગીત સંભળાવું.

ને પર્વતના પથ્થરને તોડનારા આ પરિશ્રમીને પણ તેં ઓળખ્યા નથી.
પરસેવાથી લથપથ થયેલાં એમનાં અંગોમાં,
ને દીન ને નિર્દોષ નજરે નીરખી રહેલા આ ગ્રામજનોના ટોળામાં,
એ બધામાં શું તું તારા પ્રિયતમને જોઈ ને ઓળખી શકતો નથી ?

ને ક્ષુધા તેમજ તૃષાથી ટળવળતાં, રડતાં ને મરતાં આ માનવોમાં
તને તારા પ્યારા પ્રીતમનું દર્શન ના થતું હોય તો,
મારી વાતમાં વિશ્વાસ રાખજે કે, કરોડો જન્મે પણ તને તેનું દર્શન નહિ થાય !

જે તને નેહની નજરે નિહાળી રહ્યાં છે,
ને દયાની માગણી કરતાં તારી તરફ દૃષ્ટિને સ્થિર કરે છે;
જે તારી સાથે નમ્રતા ભરેલો વર્તાવ રાખે છે,
ને કોઈ આશાથી પ્રેરાઈને તારી તરફ હાથને લાંબો કરે છે;
એ પ્રત્યેક પ્રસંગે જો તું ઈશ્વરને ઓળખી શકતો ના હોય,
તો નક્કી માનજે કે તારા ઈશ્વરનો મેળાપ તને કદી પણ નહિ થઈ શકે !

આજ સુધી તેં ગમે તે સાધનમાર્ગનો આશ્રય લીધો હોય,
તારો માર્ગ હવે તારે બદલવો જ પડશે.
તારો પ્રીતમ તારે માટે તારાથી પણ વધારે આતુરતા
ને તાલાવેલીથી રાહ જોતો ઊભો રહ્યો છે.
ફક્ત એનો દેખાવ દીન, દુઃખી ને કંગાળના જેવો છે.
એટલા માટે જ તું એને હજી સુધી નથી ઓળખી શક્યો.

* * * * *

## ૯૮. મુક્તિનો મર્મ

મુક્તિ ?
મુક્તિ તને કોણ આપી શકે તેમ છે ? તે તો તને મળેલી જ છે.
મુક્તિને માટે તારા સમસ્ત જીવનને પર્વતોમાં ને સરિતાના તટપ્રદેશમાં જોજે, ફના કરતો !
જંગલમાં પણ જોજે, વેડફી નાખતો !
દુનિયાની તરફ દૃષ્ટિપાત કરવાનું
ને જીવનના પવિત્ર પ્રવાહનો સ્વાદ લેવાનું રખે ચુકી જતો !

મુક્તિ ?
મુક્તિ તો તારો સ્વભાવ જ છે.
પરંતુ પ્રભુની પેઠે તારે પણ તારો અભિનય કરવા આગળ આવવાનું છે,
ને એની સાથે થવાનું છે.
પૃથ્વીમાં તારે પ્રેમ, શાંતિ ને આનંદને વહેતાં કરવાનાં છે,
ને જુદા જુદા દેશોને કુટુંબભાવનાના એક તાંતણે બાંધવાના છે.
આપણા પ્યારા પ્રભુએ પણ જેને પૂજવાનો પ્રારંભ કર્યો છે,
તે માનવદેવતાના ચરણમાં તારે તારા પવિત્ર પાણીનો અર્ઘ્ય આપવાનો છે.
એ ઉત્તમ મહાકર્મને માટે પ્રભુએ સ્વર્ગ ને મુક્તિનું મહાસુખ પણ બાજુએ મૂક્યું છે.

મુક્તિ ?
હા. બીજા અનેકની પેઠે તેં પણ
આ પૃથ્વી પર પ્રેમ ને કરુણાના ફુવારાવાળા હૃદય સાથે પ્રવેશ ના કર્યો હોત,
તારું હૃદય આજના જેવું સહાનુભૂતિથી ભરેલું ના હોત,
ને છતી આંખે અંધ થવામાં તારો આનંદ હોત,
તો કાયમને માટેનું એવું એકાકી ને ઉદાસીન જીવન તારે માટે શક્ય હોત.
પરંતુ હવે તો ....

મુક્તિ ?
આપણું કામ તો ઈશ્વરની ઈચ્છાને અનુસરવાનું જ છે.
એ આપણને વ્યવહારની વચ્ચે મૂકે કે એનાથી અલગ કરે,
સઘળા સંજોગોમાં જરા પણ બડબડાટ કર્યા વિના એને જ અનુસરવાનું છે.
આપણા એ પ્યારા પ્રભુની હાજરીમાં આપણે ક્ષણેક્ષણે સ્વર્ગીય સુખનો સ્વાદ લેવાનો છે.

* * * * *

## ૯૯. સિધ્ધિની સાર્થકતા

ભલે હું તાડ જેવડો ઊંચો થઈ શકું
ને એવી સિધ્ધિ મળે કે રજકણથી પણ નાનો બની શકું;
એવી શક્તિ મળે કે વિરાટ જેવો વિરાટ
ને વામન જેવો સાધારણ થઈ શકું;
ફૂલ જેવો કોમળ ને હિમાલય જેટલો ભારે થઉં;
તો પણ શું ?

પાણી પર ચાલી શકું, આકાશમાં ઊડી શકું,
ને અગ્નિ ને વાયુનો સ્વામી થઈ મૃત્યુને પણ મારી શકું;
અરે, આ સંસારમાં જે ધારું તે કરવાને સમર્થ બની શકું;
તો પણ શું?

મારા હૃદયમાં પૃથ્વીનો પવિત્ર પ્રેમ ના વસતો હોય
તો એ બધું નકામું છે.
મારી શક્તિ સંસારની સેવા માટે ના હોય
તો તે અલંકાર ભાર કે કદાચ અનર્થ છે.

માટે જ પૂર્ણતાનો પ્રવાસ કરતી વખતે મારા પ્રથમ ગીતમાં મેં ગાયું છે
કે હે મારા મહાન હૃદય !
તારા અણુએ અણુમાં સૃષ્ટિનો સંવાદ હો !
સ્નેહ ને સેવાનો સંવાદ હો !
દુઃખીના નિઃશ્વાસ ને સુખીના સુખ-શ્વાસના એમાં ધ્વનિ હો !
તારી પૂજા પ્રભુ ને તેના પ્રતીક જેવા સંસારને માટે જ હો !

* * * * *

## ૧૦૦. જીવનની ગુપ્ત ચાવી

સમી સાંજે, હિમપ્રદેશની એ ગંગાકિનારાની એકાંત ઓરડીમાં
એક લૂંટારો આવ્યો ને પૂછવા માંડ્યો,
'તારું મરણ શાથી છે ?
લોકો તો તને અમર કહે છે !
સાંભળ્યું છે, તારામાં સિંધુ જેવું વિશાળ જ્ઞાન છે;
તેને લઈ લેવાથી તારું મરણ થશે ?'
'ના,' મેં ઉત્તર આપ્યો.
'તો શું બુદ્ધિને લઈ લેવાથી થશે ?'
'ના,' મેં પાછો ઉત્તર આપ્યો.
'તો શું તારી દ્યુતિ ને આ તારો વૈરાગ્ય.......એને લઈ લેવાથી ?'
'ના,' મેં પાછો એ જ જવાબ વાળ્યો.
'તો શું તારું તપ ને એને પરિણામે ઉત્પન્ન થયેલું અલૌકિક ઐશ્વર્ય, એને લઈ લેવાથી ?'
'ના,' મેં ફરી કહ્યું.
'તો શું શીલને લઈ લેવાથી ?'
મેં કહ્યું, 'ના; ના ! મારા જીવનની ગુપ્ત ચાવી પ્રેમ છે;
ને એનાથી જ હું અમર છું .... અભય છું .... આનંદમય છું !

* * * * *

## ૧૦૧. પ્રેમનો મહિમા

લોકો કહે છેઃ -
પ્રેમને પ્રકટ કરવા માટે સુધામય સુંદર શબ્દો કહેવા પડે
ને સરસ અભિનય કરવો પડે;
પોતાના પ્રેમપાત્રની અનેક પ્રકારે પૂજા કરવી પડે,
ને પ્રેમનાં પરિમલ ભરેલાં પ્રશંસાગાન પણ ગાવાં પડે !

પણ એ સંપૂર્ણપણે સાચું નથી.

તે દિવસે તારું સ્મરણ થતાં જ
મારા અંતર ને મારી આંખમાંથી આંસુનો વરસાદ વરસવા માંડ્યો;
એનાથી વધારે સુંદર રીતે હું મારા પ્રેમને કેવી રીતે ગાઈ શકત ?

પણ લોકોને શી ખબર કે પ્રેમનું મહાકાવ્ય મૌનમાં હોય છે
ને તેની પૂજા ને તેની મજા તેના દર્દના સનાતન સંગીતમાં સમાયલી છે ?

તે દિવસે મને પ્રેમનો સાચો મહિમા સમજાયો.

* * * * *

### ૧૦૨. પ્રાર્થના

હે દેવ !
મારી પાસે બીજું તો કાંઈ નથી,
પણ હૃદયની ગુફામાં બેઠેલો એક જ દેવ, એક જ ફૂલ છે.
એની પ્રત્યેક પાંખડી પમરાટ ને પરિમલથી ભરેલી છે,
ને પ્રેમદેવતાનું જ તે પ્રતિરૂપ છે.
હે મારા દેવ !
મુજ દરિદ્રની પાસે બીજું તો કાંઈ નથી, પણ એક જ ફૂલ છે.

એનો અભિષેક તારે ચરણે જ હો !
એ લગીર જેટલો પ્રેમ બીજા કોઈ ને નહિ
પણ જીવનભર તારે માટે જ હો !
એ જ મારી ઈચ્છા ને પ્રાર્થના છે.

ઓ મારા દેવ !
મુજ દરિદ્રની બીજી તો કોઈ આશા નથી,
પણ આ જ એક પ્રાર્થના છે !



* * * * *

## ૧૦૩. મારું એવું કાંઈ જ નથી.

કુંજમાંથી કોઈએ બંસીને પૂછ્યું :
'પ્યારી બંસી,
તું આટલું બધું સુમધુર કેવી રીતે ગાઈ શકે છે ?
તારી મીઠાશનું કારણ શું ?'

'એમાં કાંઈ નવાઈ પામવાનું કારણ નથી.'
બંસીએ ઉત્તર આપ્યો,
'તે માટે તો તારે, મેં તને સમર્પિત કરેલા ને તારા હાથમાં રહેલા,
મારા સર્વસ્વને જોવાની જ જરૂર છે.'

વિવેકી ને શાંત શ્રોતાએ એના ઉત્તરની પૂર્તિ કરતાં સાચેસાચું ઉમેર્યું :
'બરાબર છે, કેમ કે તારી પાસે તારું પોતાનું કહેવા જેવું કાંઈ જ નથી.'

એ શબ્દો પર આજે મારા મનને એકાગ્ર કરું છું
ને એમની અંદર રહેલા રહસ્યથી નવાઈ પામું છું.
તમે મારા લગીર જેટલા સાધારણ જીવનથી સંપૂર્ણપણે વાકેફ છો;
છતાં પણ તમે પણ આજે જ્યારે મને એ જ પ્રશ્ન પૂછી રહ્યા છો,
ત્યારે મારો ઉત્તર પણ એ જ હોઈ શકે, ને હશે,
કે 'મારી પાસે મારું એવું કાંઈ જ નથી.'

* * * * *

**૧૦૪. શ્રમસાધના સફળ થાય**

ઉષાની કમનીય કલ્યાણકારી કલાની કલ્પના તો કરી જુઓ !
એને ફાળે આવેલું કામ ઘણું કપરું હતું.
તો પણ, વિરોધી વાતાવરણમાં વસીને પણ,
એ કામ એણે પૂરું કર્યું.

માળીએ પણ મીઠી માવજતથી આખા ઉપવનને મધુરતાથી મઢી દીધું.

સંગીતકારે ને શીલ્પીએ પણ પોતાની કૃતિમાં હૃદય રેલીને
શાંતિ ને પ્રસન્નતાનું પુનિત પ્રભાત પ્રકટાવી દીધું.

સમીપના સરોવરનાં કેટલાંય કમળ
પોતાની પ્રસન્નતાને પ્રકટ કરતાં ખીલી ઊઠ્યાં
ને વનને સુશોભિત કરતાં શોભી રહ્યાં.

એમની પેઠે ઉત્સાહે ઊભરાઈને નાનાં કે મોટાં જે બળ
સંસારને શાંતિમય, સમૃદ્ધ ને સ્વર્ગીય કરવાનો પરિશ્રમ કરી રહ્યાં છે,
તેમની શ્રમસાધના સફળ થાય,
ને મારું જીવન ને કવન તેમાં બાધક નહિ પણ સાધક થાય,
એવી પ્રાર્થના છે.
હે મહાકવિ,
આજના પુનિત પ્રભાતે મારી એવી પ્રાર્થના છે !

* * * * *

## ૧૦૫. મારા દેશને

મારા દેશને દુઃખ, દળદર ને ગુલામીનાં બધાં જ બંધનમાંથી મુક્ત કરો,
હે મારા મુક્તિમય ને દયામય !
સમૃદ્ધિ, સન્મતિ ને સદાચાર તથા સત્કર્મથી સંપન્ન કરો !
દેવોને પણ પ્રિય, મારા મંગલમય દૈવી દેશને
બધાં જ બંધનથી મુક્તિ મળો !


વાસંતી સવારનો તાજો વાયુ
દેવનો દૂત બનીને બધે ફરી વળે છે ને તાજગી ભરે છે,
તેમ જડને જીવન ધરો ને નિષ્પ્રાણની પેઠે પડેલાંની અંદર તાજગી ભરો !
હે મારા મુક્તિમય ને દયામય !
દીન, હીન ને હડધૂતની આરતી કરો
ને અનાથને તમારું અમૃતમય આલિંગન ધરો !

દુનિયાના નાના ને મોટા, સુખી ને દુઃખી,
બધા દેશોને ગુલામીનાં સારાં ને નરસાં બધાં જ બંધનમાંથી મુક્તિ મળો !
માનવકુળને મધુમય ને એકાકાર કરો !
એ મંગલ કાર્યમાં મારા નાના સરખા જીવનની ભલે આહુતિ ધરો !
તે વિના હું તમને દયામય, મુક્તિમય ને ન્યાયી નહિ કહું.

મારા દેશને દુઃખ, દળદર ને ગુલામીનાં બધાં જ બંધનથી મુક્ત કરો,
હે મારા મુક્તિમય ને દયામય !
દેવોને પણ પ્રિય મારા મંગલમય દૈવી દેશને
બધાં જ બંધનથી મુક્તિ મળો !

* * * * *
**સમાપ્ત**
* * * * *

## About the Author



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## <u>શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન</u>

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*

For more information
on
Life and works of
**Shri Yogeshwarji**



Please visit

**www.swargarohan.org**